
અનન્ય પરિવર્તન

Mumbai ♦ Volume 9 ♦ Issue 1

પરમ પૂજ્ય પ્રેમાચાર્યજીના જન્મ દિવસની પ્રેમમય ઉજવણી



પરમ પૂજ્ય પ્રેમાચાર્યજીના જન્મ દિવસની પ્રેમમય ઉજવણી



અનુક્રમણિકા

પ્રાર્થના ૩
પૂજ્યશ્રીની સાથે - વચનામૃતની વાટે ૪
જ્ઞાન સાગર ૬
पूज्यश्री की अमृतवाणी ૯
The Master's Voice ૧૧
શ્રીમદ્ રાજચંદ્ર અંતર ચારિત્ર - એક સંશોધનાત્મક પ્રયાસ ૧૩
SRATRC - Kolkata ૧૬
પ્રશ્નોત્તરી ૧૯
સત્પુરુષાર્થ ૨૧
પ્રેરક પ્રસંગ ૨૩
પરમ પૂજ્ય પ્રેમાચાર્યજીના જન્મદિવસની પ્રેમમય ઉજવણી ૨૪
પૂજ્ય કુંવર મા ૨૮
हे विरह! तू तो प्रेम की अनुभूति है ૩૧
SRATRC – USA ૩૨
RIYF December Shibir ૩૪
સમાધિ મરણ ૩૬
પ્રેમ પ્રસાદ સ્ટાર એવોર્ડ - ૨૦૧૯ ..... ૩૯
જાણ્યું - અજાણ્યું - લખાણું ૪૦
શ્રી રાધાવતાર ૪૨
શ્રી રાજરોટી સેન્ટર (બોરીવલી) ૪૫
RIYF ૪૬
Health To Happiness ૪૮
Tasty Bites ૪૯
Recent News ૫૦
Kidzone ૫૨
તત્ત્વ ઉકેલ ૫૩
Forthcoming Events & From Us to You ૫૪
Sponsorship ૫૬



ઈસુના નવા વર્ષ ૨૦૧૯માં આપનું ઉત્સાહપૂર્વ સ્વાગત છે. વર્ષ ૨૦૧૮ આપણને સહુને પુરુષાર્થની બે મોટી ભેંટ આપી ગયું; ઉત્સાહી કોર્સ અને મિશન ૨૦૨૦. સર્વ મુમુક્ષુઓ આ પુરુષાર્થ અત્યંત ઉત્સાહથી કરી રહ્યાં છે એ અત્યંત આનંદની વાત છે.

આ બન્ને વાત ઉપર વિચાર કરીએ ત્યારે લાગે કે ખરેખર જ્ઞાની બધા પાસેથી કેવો અપૂર્વ પુરુષાર્થ કરાવી રહ્યા છે! જો મન-વચન-કાયાથી પૂર્ણ શ્રદ્ધા અને ભક્તિભાવથી આ પુરુષાર્થ કરવામાં આવે તો આ ભવમાં અનંત કર્મોની નિર્જરા થઈ પંદર ભવના બ્રેકેટમાં આવી જવાય, પૂજ્યશ્રીએ કહેલા વૈરાગ્ય અને ઉપશમ એનાથી બળવાન થાય, દોષો ટળતા જાય, અન્યો સાથે પરમાર્થે શુભ ઋણાનુંબંધ બંધાતા જાય.

પૂજ્યશ્રીએ આપેલા સમકિતના સરનામાનું વિવેચન ગયા અંકથી શરૂ થયેલ છે. આત્મપ્રાપ્ત સદ્‌ગુરુ વગર ત્રણેય કાળમાં મોક્ષ દુર્લભ છે. અહીં આત્માનટ્ટા છ પદ; આત્મા છે થી મોક્ષના ઉપાય સુધીની રીત ક્રમશઃ આપણે વાંચશું. મોક્ષના ઉપાય મેળવવા માટે જીવમાં એવી યોગ્યતા - જિજ્ઞાસા હોય અને સામે એવા સમર્થ આત્મજ્ઞાની પુરુષ હોય તો અવશ્ય આત્મા પ્રાપ્ત થઈ શકે છે એની વિસ્તૃત માહિતી સમકિતના સરનામા વડે મળશે. એ જ મૂળ માર્ગ છે અને પૂજ્યશ્રીની અમૃતવાણી એને જ પ્રકાશે છે. આપણા પુરુષાર્થને વેગ મળે એવી કોલમો સત્પુરુષાર્થ અને પૂજ્ય કુંવર મા નિયમિત પ્રગટ થાય છે.

પૂજ્યશ્રીના માર્ગદર્શન, પ્રેરણા અને અમૃતવચનો વડે વર્ષ ૨૦૧૯માં આપણે સહુ મુમુક્ષુઓ ભગીરથ પુરુષાર્થ કરી જિજ્ઞાસુ બનવાના પંથે પ્રયાણ કરીએ એ જ શુભ કામના.

પ્રાર્થના

પ્રેમ એ છે ગોપી,
પ્રેમ એ છે મીરા,
ન કોઈ અપેક્ષા !
ન થાય કોઈ પીડા..

પ્રેમના રંગમાં મારે રંગાવું છે,
અદ્‌ભુત આનંદમાં ભિંજાવું છે,
પ્રેમનો અર્થ પણ ન જાણતી હું,
રાગને પ્રેમ માનતી હું..

મારા રાગ ને પ્રેમમાં તમે બદલાવો,
એ અદ્‌ભુત આનંદનો અનુભવ કરાવો,
તમને યાદ કરતા, તમને નિહાળતા,
જે અનુભવાય છે, એ પ્રેમ હશે એવું સમજાય છે..

તમારામાંથી પ્રેમ ઉભરાય છે,
જડ હોય કે જીવ, એમાં ભિંજાય છે,
તમારી હર એક હરકતમાં છે પ્રેમ,
ક્યારે કરીશ પ્રેમ હું તમારી જેમ ?

જો પ્રેમ કરતા આવડી ગયું મને,
તો પરિભ્રમણના આંટા કેમ ન થમે ?
પ્રેમ કર્મબંધનથી છોડાવશે,
આસકતથી અનાસકત બનાવશે..

સાચા પ્રેમથી દરેક ઋણ ચુકાઈ જશે,
નવા કર્મ બાંધ્યા વગર ભોગવાઈ જશે,
કંઈ લેવા કરતા, હોય દેવાની પડી,
કેવી રીતે છૂટું એ વિચાર હર ઘડી!!!



પૂજ્યશ્રીની સાથે – વચનામૃતની વાટે

પરમ પૂજ્ય પ્રેમાચાર્યજીના પવિત્ર અંતઃકરણમાંથી પાછલા બે મહિનાની પરમ જ્ઞાન સભામાં સ્ફુરાયમાન થયેલ અમૃત વચનો અહીં પ્રગટ કરીએ છીએ.

આ વચનોમાં કંઈક નવીનતા, અદ્‌ભુતતા અને સુગંધ સ્પર્શ કરશે. જીવ જો આને સમજશે, વિચારશે, ફરી ફરી વાગોળશે, તેના ઉપર ઊંડું ચિંતવન, મનન કરશે તો વચનોમાં રહેલ રહસ્ય, આશય અને મર્મ પકડાશે જે તેના અંતરમાં પરિવર્તન કરી અનન્ય પદાર્થની પ્રાપ્તિનો ઉત્સાહી પુરુષાર્થ ઉપાડવાની પ્રેરણા આપશે.

- 'એક ભવ જો આત્માનું રૂડું થાય તેમ વ્યતીત કરવામાં જશે, તો અનંત ભવનું સાટું વળી રહેશે.' આવું સાંભળીએ ત્યારે એક દ્રઢ નિશ્ચય કરી લખી રાખો અને રીપીટ કર્યા કરો.. ઘણીવાર બોલાઈ જાય પછી પરિણામ પામી જાય, આત્મસાત્ થાય - પછી ભવોભવ આત્માને એ વાક્ય યાદ રહી જાય. આત્મા માટે વિચાર્યું જ ન હોય તો કેમ યાદ રહે ?
- દેહ સ્થિર છે તો એના કારણે મન પણ સ્થિર રહેશે. મન પણ સ્થિર રહેશે તો તત્વ વિશે વિશેષમાં જે કંઈ જાણેલું છે એ સ્મરણમાં આવી, એનું ઊંડુ ચિંતન મનન ઓટોમેટીક થશે. પછી એમાંથી વિશેષ નવા અર્થ પણ નિકળશે. અમુક વખત સુધી ચિંતન મનન રહ્યા કરે પછી શબ્દો બ્લાસ્ટ થાય છે અને પછી અંદરથી જે અર્થ નિકળે એ ક્યારેય સાંભળેલા નથી, વાંચેલા નથી, શાસ્ત્રમાં નથી એવા અદ્‌ભુત રહસ્યો જાણવા મળે છે.
- મન, વચન, કાયા સર્વસ્વ આપણે પરમ કૃપાળુ દેવને અર્પણ કરી જ દીધું છે તો પછી આપણું કંઈ છે જ નહીં; આપણે ભાવ પણ ન કરી શકીએ. માટે જે કંઈ કરવાની જરૂર પડે એ એમની આજ્ઞા લઈ, એમની સાક્ષીએ કરવાની રહે, એટલે દોષ ટળતો જાય. બીજા શબ્દોમાં જે અકર્તવ્ય છે, ન કરવા જેવું છે એ એમની હાજરીમાં ન જ થવું જોઈએ.
- નીરાગીને રાગ કરીએ છીએ તો નીરાગી થઈ જવાય છે, જ્ઞાનીને તમે અનહદ રાગ કરો અને જ્ઞાની ગમે તેમ વર્તે તો પણ તમને રાગ કર્યા જ કરવો પડે, જ્ઞાની જે રીતે વર્તે એ રીતે તમને વર્તવું પડે છે. એટલે તમે નીરાગી થઈ જાઓ છો !
- જેની સાથે અશુભ ઋણાનુંબંધ છે એ જ્યારે આપણને મળશે ત્યારે અશુભ ઋણાનુબંધના

કારણે એ આપણા માટે કાંઈ આડુંઅવળું બોલશે, ગાળો પણ બોલશે અને આપણું એની સાથે અશુભ ઋણાનુંબંધ છે માટે એ જ્યારે ગાળાગાળી કરતો હશે ત્યારે આપણને પણ મન થશે સામું બોલવાનું. ત્યારે એને એવોઈડ કરો કે ટાળી નાખો. એ જે બોલે છે એના ઉપર દુર્લક્ષ કરો, એના ઉપર વિચાર જ ન કરો એ શું બોલે છે. પછી જગતના પ્રતિબંધના જે કારણો છે એ ભૂલાઈ ગયા એમ કહેવાય કે નહીં?

તમે સામે બોલો, ગાળાગાળી કરો તો મોટા કર્મબંધન થવાના જ છે પણ સામી વ્યક્તિ ગમે તે રીતે વર્તે એને આપણે ટાળીએ, એનો વિચાર માત્ર ન કરીએ. નિરંતર અદ્વેષપણું જોઈએ કોઈના પ્રત્યે દ્વેષ ભાવ, નકારભાવ, અશુભ ભાવ ન રહેવા જોઈએ.

એ ગાળો આપે અને આપણે રાખી લઈએ તો કર્મ લાગે. આ રીતે વિચાર કરશો તો જગતના પ્રતિબંધથી ટળાશે; આ છે ઉપેક્ષા ભાવ - ટાળવું, એવોઈડ!!

- અત્યારથી જાગૃતિ હોય અને ક્ષાયિક પુરુષાર્થ થતો હોય ત્યારે જીવને ખબર હોય કે ન હોય સાચા જ્ઞાની એની પાસેથી ક્ષાયિક પુરુષાર્થ જ કરાવે છે અને જે કર્મો અત્યારની દશામાં હાજર થાય એને કેરી ફોરવર્ડ નથી કરતાં. સલાહ એજ આપે છે ફેસ એન્ડ કટ ઈટ. ગમે તેવા કર્મ હોય ભાગવાની જરૂર નથી; ગમે તેવી બદનામી હોય કે ગમે તેટલું મોટું નામ હોય જસ્ટ ફરગેટ. કર્મને અત્યારથી આ રીતે કાપવાની પ્રેક્ટીશ કરો છો તો પાંચમાં, સાતમાં ભવમાં જેટલા કર્મો બાકી રહ્યા હોય એ બિચારા ક્ષય થઈ જાય.
- ઋણાનુબંધી લોકો ગમે તે રીતે વર્તે, ગમે તે બોલે એની કોઈ અસર આપણને ન થતી હોય તો સંકલ્પ વિકલ્પનું કારણ નહીં થાય.
- સંકલ્પ-વિકલ્પ ટાળવા માટે સંસારની અંદર બળવાન ત્યાગ-વૈરાગ્ય જોઈશે. એ પણ ધીરે ધીરે આવશે. ભોગવલી કર્મના ઉદય વખતે તમારી પ્રતિજ્ઞા તૂટી જશે ત્યારે સૌથી મહત્વનું એ છે કે નવું કર્મ ન બંધાય માટે 'ધિક્કાર આ ન થવું જોઈએ; કર્મના કારણે થઈ ગયું છે'. કર્મ મોળા થશે તો જરૂર જરૂર ભવિષ્યમાં આત્મા જેમ ઈચ્છે છે એમ થશે જ!!
- દિવસમાં કોઈ એક ક્રિયા પછી ૫ થી ૧૫ મિનિટ આત્માના વિચાર સિવાય બીજા કોઈ વિચાર નહીં કરીએ એવી પ્રેક્ટીસ કરીએ તો આત્મામાં રહી શકાય.
- 'આપણે કંઈ પાર્શ્વનાથ ભગવાન નથી માટે એવી સ્થિરતા નહીં રહે' એવું નહીં વિચારવાનું. ૫-૧૫ મિનીટ નવરા બેઠા હો ત્યારે સ્થિરતા લાવી, ઉપયોગ આત્મામાં મૂકી, આત્માનો લક્ષ રાખી ધ્યાનની પ્રેક્ટીસ કરો તો ક્રમઃસર વધાતું જશે. આત્માને સાચી પ્રેક્ટીશ પડશે કે ધ્યાન શું છે, ધ્યાનનું ફળ શું છે.
- કોઈ પણ જગ્યાએ આસક્તિ ભાવ ન જોઈએ. જે ગમે છે એ બધું બંધનનું કારણ છે; જે ગમે છે એ મોહ છે. આખા દિવસમાં અંદર કેટલી જગ્યાએ 'ગમે છે' એવો ભાવ રહે છે? આ 'નથી ગમતું' એવો ભાવ પણ રહે છે એક છે રાગ, એક છે દ્વેષ.
- કીર્તિ-અપકીર્તિ વખતે સમતા ભાવ, શાંત ભાવ રહેવો જોઈએ. બીજો વિચાર માત્ર ન થવો જોઈએ. ◆

સમકિતનું સરનામું



ગયા અંકથી શરૂ થયેલા આ વિવેચનમાં આત્મ પ્રાપ્ત સદ્‌ગુરુનું મહત્વ બતાવતાં કહ્યું કે એમના વગર ત્રણે કાળની અંદર મોક્ષ મળી ન શકે. આપણે અંતરંગના અનુભવથી જેને ઓળખી લઇએ એ જ સાચો સત્પુરુષ. જીવ જયાં સુધી પોતે પોતાને ઓળખે નહીં કે 'હું આત્મા છું' ત્યાં સુધી આત્મધર્મ કરી ન શકે, ત્યાં સુધી જન્મ મરણના ફેરામાંથી છૂટવાનો માર્ગ પણ ન મળે.

બીજાનું આપેલું શરણ અલ્પકાળવર્તિ અને સંસાર અપેક્ષિત છે. જન્મ-જરા-મરણથી બચાવે, પરિભ્રમણ અટકાવે, ભવ રોગ ટાળે એવું શરણ આ સંસારમાં એક આત્મજ્ઞાની શ્રી સદ્‌ગુરુ જ આપી શકે, તેના સિવાય બીજો કોઈ આવું અનન્ય શરણ આપી શકનાર નથી. માટે તેમના ઉપકારનો પ્રતિ ઉપકાર ફક્ત ભક્તિથી જ વાળી શકાય. એવા શ્રી સદગુરુદેવને મારા, તમારા, સહુના ભક્તિભાવથી નમસ્કાર.

જૈન ધર્મમાં ચાર શરણા (અરિહંત, સિદ્ધ, ધર્મ અને સાધુ) કહ્યાં છે. આ વ્યવહારની વાત છે, તેનો વિચાર કરતાં નિશ્ચય શરણું સમજાય છે. સમકિત વગર આ વાત ન સમજાય તેવી છે. વ્યવહાર તેને કહેવાય છે જે સાધનનો ઉપયોગ કરી કંઈ પ્રાપ્ત કરવું.

વ્યવહારથી જે કંઈ ક્રિયા કરવામાં આવે છે જેમકે વ્રત, તપ, મંત્ર સ્મરણ, સામાયિક, ધ્યાન વિગેરે વિગેરે તે સર્વ ધર્મ નથી પણ ધર્મ પ્રાપ્તિના સાધનો છે. સાચો ધર્મ તો આત્મધર્મ છે. આત્માને તેના મૂળભૂત સ્વભાવમાં લાવવો તે આત્મધર્મ છે. વ્યવહારથી જે પ્રાપ્ત થાય તે નિશ્ચય છે (આત્મ અનુભવ). વ્યવહારને પ્રાપ્ત કરવાનું નથી, વ્યવહારથી પ્રાપ્ત કરવાનું છે. સમકિત વગર વ્યવહારની ખાઈને ઓળંગી સામી બાજુનો, જીવ વિચાર પણ ન કરી શકે.

અનાદિકાળની માન્યતાને એવી પકડી રાખી છે કે નવું કંઈ ગ્રહણ કરવા જીવ તૈયાર નથી. ચાર શરણાનું શરણ લેવાથી કંઈ કરતાં કંઈ પ્રાપ્ત થયું નથી. જ્યાં સુધી જીવને સમકિત નથી (છ પદની યથાર્થ સમજણ) ત્યાં સુધી વ્યવહારની બીજી બાજુ (નિશ્ચય) શું છે તે પણ ખબર નથી.

આત્માની પ્રાપ્તિ એ નિશ્ચય છે અને ચાર શરણા તે વ્યવહાર છે.

સિદ્ધની દશા શું છે ? મારે અહીં પહોંચવાનું છે એ જો લક્ષ નથી તો બધો પરિશ્રમ છે, પુરુષાર્થ નથી. પૂર્વ દિશામાં જવું હોય પણ એનો લક્ષ નથી અને ઉત્તર દિશામાં જઈએ તો એ પરિશ્રમ છે, કંઈ પ્રાપ્ત ન થાય. ધર્મ જ્યાં કરવામાં આવે છે ત્યાં જો આત્માનો લક્ષ નથી તો લક્ષ્યથી દૂર દૂર જઈએ છીએ એનો વિચાર માત્ર નથી.

'વ્યવહાર' એને કહેવાય છે કે જે સાધનનો ઉપયોગ કરી કંઈ પ્રાપ્ત કરવું છે. સાધનને વાપરી લીધા પછી જે વસ્તુ પ્રાપ્ત થાય એનું નામ 'નિશ્ચય'. જ્યાં પહોચવું હોય એનો લક્ષ હોય તો એ નિશ્ચય. ત્યાં પહોંચવા માટે જે કંઈ કરીએ એ વ્યવહાર જેમ કે વ્રત, તપ, ઉપવાસ, મંત્ર સ્મરણ, મૌન, ધ્યાન, સામાયિક વગેરે. એ સર્વ પોતે ધર્મ નથી, ધર્મ પ્રાપ્ત કરવાના સાધન છે, વ્યવહાર છે. એ સાધનનો ઉપયોગ એ રીતે થવો જોઈએ જેથી આપણને જે વસ્તુ જોઈએ છે એ વસ્તુની પ્રાપ્તિ થાય, 'આત્મજ્ઞાન'ની પ્રાપ્તિ થાય. આજે આત્મજ્ઞાનની પ્રાપ્તિનો લક્ષ નથી અને જે સાધનો છે એને જ ધર્મ માની બેઠા છીએ.

દા.ત. ઊંધીયું.. શાક લઈ આવ્યા પછી એને સુધારીએ એ વ્યવહાર છે. ચૂલા ઉપર રાંધીએ અને એ પાકી જાય ત્યારે એને ઊંધીયું કહેવાય. ઊંધીયું બની જાય એને નિશ્ચય કહેવાય. જ્યાં સુધી એ બનેલું નથી અને જે કંઈ કરીએ એ વ્યવહાર છે.

વ્યવહાર નિશ્ચયને પ્રાપ્ત કરવા માટે હોય છે. આજે વ્રત, તપ વિગેરે જે કંઈ ક્રિયા કરીએ છીએ તો આત્માને કંઈ રીતે કલ્યાણ થયું, આત્મા કેટલો નજીક આવ્યો એ વિચાર માત્ર નથી. આજ રીતે કેટલાયે જન્મોથી ધર્મ કરીએ છીએ. વ્યવહાર છે એને જ ધર્મ સમજીએ છીએ. એ ધર્મ નથી, ધર્મ પ્રાપ્ત કરવાના સાધન છે. આ લક્ષ હવે આવી જવો જોઈએ. સાચો ધર્મ તો આત્મધર્મ છે.

આત્મા આહાર ગ્રહણ કરતો નથી. દેહ છે માટે આહાર લેવો પડે છે તો બને એટલો અલ્પાહાર તમે લઈ શકો છો. આજે તો ક્યાંક નવી રેસ્ટોરન્ટ ખુલી, નવી movie આવી ત્યાં દોડી જઈએ છીએ. આનાથી આત્માનો વિચાર કેવી રીતે થાય ? એ હોય તો બરાબર છે.

ઉપવાસ કરીએ તો દિવસે દિવસે આહાર ઓછો થવો જોઈએ. પછી રસવૃત્તિ, સ્વાદ ઉપર કન્ટ્રોલ લાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. સ્વાદ ઉપર જય કરવાનો છે.

'વ્યવહાર' એને કહેવાય છે કે જે સાધનનો ઉપયોગ કરી કંઈ પ્રાપ્ત કરવું છે. સાધનને વાપરી લીધા પછી જે વસ્તુ પ્રાપ્ત થાય એનું નામ 'નિશ્ચય'.

રસવૃત્તિ ઓછી ન થતી હોય અને ઉપવાસ પણ કરી લઈએ પણ પછી ડબલ ખાઈને એનું સાટું વાળી લઈએ છીએ.

સાધનનો ઉપયોગ આત્મલક્ષે થવો જોઈએ એ જરૂરી છે. સમકિતની પ્રાપ્તિ થાય પછી ઊંડાણથી એનો ઉપયોગ કેવી રીતે કરવો ! જીવ જ્યારે સામી બાજુ (નિશ્ચય) પહોંચે છે ત્યારે એને ખબર પડે છે કે વ્યવહારની ખાઈને ઓળંગી એમાં ડૂબી નથી જવાનું, ચેતનને ઓળખવાનો છે.

આત્મા નામનો પદાર્થ જે અનાદિકાળથી અત્યાર સુધી અગમ, અગોચર છે તેને સર્વ ભેદે જાણી અને અનુભવ્યા પછી...

શુદ્ધ આત્મ સ્વરૂપને પામ્યા છે એવા જ્ઞાની પુરુષોએ નીચે કહ્યાં છે તે છ પદને સમ્યક્‌દર્શનના નિવાસના સર્વોત્કૃષ્ટ સ્થાનક કહ્યાં છે.

શુદ્ધ આત્મ સ્વરૂપને પામ્યા છે એટલે જેમણે આત્માનો સાક્ષાત્કાર કર્યો છે. આત્મા નામનો પદાર્થ જે અનાદિકાળથી અત્યાર સુધી આપણને અગમ અને અગોચર રહ્યો છે તેને સર્વ ભેદે જોયો, જાણ્યો અને અનુભવ્યો છે. અને અનુભવ્યા પછી વાણી ધર્મે જણાવી શકાય તેટલું જણાવ્યું કે સર્વથી સર્વ પ્રકારે હું ભિન્ન છું; એક કેવળ શુદ્ધ, ચૈતન્ય સ્વરૂપ, પરમોત્કૃષ્ટ, અચિંત્ય સુખ સ્વરૂપ, માત્ર એકાંત શુદ્ધ અનુભવ સ્વરૂપ હું છું. હું માત્ર નિર્વિકલ્પ શુદ્ધ, શુદ્ધ, પ્રકૃષ્ટ શુદ્ધ, પરમ શાંત ચૈતન્ય છું.

આ બધા આત્માના ગુણો કહ્યાં. જેમ જેમ સાચો પુરુષાર્થ કરીએ તો આત્માના દરેક ગુણો એક પછી એક ચોક્કસ અનુભવમાં આવતા જ જાય છે. આત્માની પ્રાપ્તિ માત્ર એક આત્મ પ્રાપ્ત સદ્‌ગુરુ સિવાય કોઈ બીજો કરાવી ન શકે. વિચરતાં તીર્થંકર પ્રભુ પણ કોઈને આત્મજ્ઞાન આપવા સમર્થ નથી.

ભવ્ય જીવ હોય અને તીવ્ર જિજ્ઞાસા - ઉત્કંઠા હોય કે મને આત્મજ્ઞાન જોઈએ છે અને દ્રઢ નિશ્ચય હોય - સામે સમર્થ એવા આત્મ પ્રાપ્ત જ્ઞાની હોય તો અવશ્ય આત્માની પ્રાપ્તિ થઈ શકે છે.

આવા જ્ઞાની પુરુષોએ નિષ્કારણ કરૂણા કરી આત્માના છ પદ આપણને જણાવ્યા છે. આ છ પદમાં સમકિતનો, સમ્યકદર્શનનો નિવાસ છે.

આત્માના છ પદમાં સમકિત રહેલું છે. કહેવાતા જ્ઞાનીઓ અને પુસ્તકોમાં બીજા ઘણા સરનામાં આપ્યા છે પરંતુ સો ટકા મળે જ એવું સરનામું, સર્વોત્કૃષ્ટ સ્થાનક તો આત્માના છ પદ છે. અરે ! આત્માના છ પદની યથાર્થ સમજણ કે અનુભવ તે જ સમકિત છે.

આ છ પદ જીવને પોતાના અનુભવથી બરાબર સમજાઈ જાય તો એ આત્મજ્ઞાન છે, એજ સમકિત છે.

ષટપદના ષટ પ્રશ્ન તે, પૂછ્યા કરી વિચાર;
તે પદની સર્વાંગતા, મોક્ષમાર્ગ નિર્ધાર.

આ.સિ. ૧૦૬

ભારત વર્ષની અંદર મુખ્ય એવા છ દર્શન છે. બધાના આત્મા વિશે જુદા જુદા અભિપ્રાય છે. કોઈ કહે છે આત્મા છે, કોઈ કહે છે આત્મા નથી; કોઈ કહે છે આત્મા એક છે, કોઈ કહે છે આત્મા અનેક છે; કોઈ કહે છે આત્મા કર્તા છે, કોઈ કહે છે આત્મા અકર્તા છે. ગુરુના આશ્રય વગર વાંચે તો મુંઝાઈ જાય.

આ છ પદ માટે ગમે તે દર્શન ગમે તે અભિપ્રાય આપતા હોય પણ તારા પોતાના અનુભવથી જો તું જાણી લે તો, પછી નવો દેહ ધારણ ન કરવો પડે. એકલો આત્મા સ્થિત થાય છે.

આ દેહે મોક્ષ છે. જે અનુભવ સિદ્ધ ભગવાન કરી રહ્યા છે એવો અનુભવ જો કોઈ પણ જીવ યથાર્થ પુરુષાર્થ કરે તો કરી શકે છે.

ચાર ઘાતિ કર્મને બરાબર સમજી એની નિર્જરા કરતાં આવડી જાય તો કર્મથી આત્માની મુક્તિ, આ દેહે મોક્ષનો અનુભવ થઈ શકે છે. પછી આયુષ્ય કર્મ પૂરું થતાં આત્મા સિદ્ધાલયમાં જાય છે. ◆

નોંધ : પૂજ્યશ્રી દ્વારા વિવેચીત 'સમકિતનું સરનામું'નું આ સંક્ષિપ્ત સ્વરૂપ અનન્ય પરિવર્તન ટીમ દ્વારા સંકલિત કરવામાં આવ્યું છે.

ભવ્ય જીવ હોય અને તીવ્ર જિજ્ઞાસા - ઉત્કંઠા હોય કે મને આત્મજ્ઞાન જોઈએ છે અને દ્રઢ નિશ્ચય હોય - સામે સમર્થ એવા આત્મ પ્રાપ્ત જ્ઞાની હોય તો અવશ્ય આત્માની પ્રાપ્તિ થઈ શકે છે.

मूल मार्ग रहस्य

पिछली बार हमने देखा कि परम कृपाळु देव जो कुछ भी कह रहे हैं, उसकी तुलना अगर शास्त्रों के साथ और उसमें रहे सिद्धांतो से करेंगे तो जरूर पता चलेगा कि तीर्थंकर देवने मोक्ष का जो मार्ग कहा है, वही मार्ग उन्होंने गुजराती भाषा में संक्षिप्तमें कहा है। अनुभव से जो बात हम जानते है और फिर शास्त्रोमें जो भी लिखा हो या उसमें विरोधाभास लगे, हम नहीं मानेगें क्योंकि साक्षात अनुभव है कि वस्तु ऐसी ही होती है। अमुक प्रकारकी योग्यता प्राप्त होने के बाद ही गहरी बात समझमें आ सकती है।

आत्मा का सहज स्वरूप, वही परमगुरु है। आत्मा की सहज दशा जीव को प्राप्त हो तो हमारा ही आत्मा हर एक क्षण, हमें मार्गदर्शन देता ही रहेगा। ऐसा आत्मा ही परमगुरु है। लेकिन आत्मा की सहजदशा क्या होती है वह बहुत ही गहरे विचार से बलवान पुरुषार्थ के बाद ही जीव को समझ में आ सकेगी और चारित्र में आने को बहुत ज्यादा समय लगेगा।

ज्ञान, दर्शन, चारित्रनी शुद्धता रे,
एकपणे अने अविरुद्ध रे, मूळ...
जिन मारग ते परमार्थ थी रे,
ऐम कह्युं सिद्धांते बुद्ध रे, मूळ...

सालों से हम कहते आ रहे हैं कि, रत्नत्रय की आराधना करनी चाहिए। ज्ञान, दर्शन और चारित्र ये अत्यंत मूल्यवान रत्न है और इन तीनों की प्राप्ति हो जाय तो बलवानरुप से यही मोक्ष का कारण है। अब ''ज्ञान'' का अर्थ हम अथवा बहुत से जैन क्या समझते है? तो अधिकतर जैन जिन्होंने बहुतसारे धार्मिक पुस्तकों का वांचन किया हो और जो पंडित कहलाते हो यानि कि सभी शास्त्र कंठस्थ हो, लेकिन अनुभव से कुछ भी न जानते हो, वे सब ''पंडित'' कहलाते हैं और कम या ज्यादा जो कुछ भी पढ़ा है, उसका अनुभव हो, उसे ''ज्ञानी'' कहते हैं। अब आज अधिकांश जैन लोग ''ज्ञानी'' किसे कहते हैं? तो पहले तो यह कहा कि, अपने कुलधर्म के जो गुरु है अथवा जिस मुनि महाराज को अपना मानते है। और उसी गुरु को अपने ज्ञानीगुरु अथवा सद्गुरु के नाम से पहचानते हैं या फिर जिन्होंने बहुत ज्यादा तप किया

आत्मा के अनुभव के साथ जो कुछ भी जाना है, ऐसा जानने का ज्ञान वही सच्चा (यथार्थ) ''ज्ञान'' है।

हो और कर रहें हैं, जिसे तपस्वी कहते हैं, उन्हें भी ''ज्ञानी'' समझते हैं। इसके अलावा वकृत्व शक्ति जिनकी श्रेष्ठ है और श्रोताजन को जकड रखते है, उसे भी ''ज्ञानी'' कहा जाता है। अब ऐसे सभी को जब ज्ञानी कहते है, तो फिर वे पुरुष जो कुछ कहें उसका नाम ''ज्ञान''। अब यह वचन झूठा है। या सच्चा, वो आपको कहना है, कि अधिकांश जैन ''ज्ञान'' का अर्थ ऐसा ही समझते है, इसके अलावा कोई दूसरा अर्थ है?

इस मार्ग, यानि कि भगवान महावीर के मूलधर्म को मानते हैं उन्हें तो समझ होगी, उनके अलावा सभी जैन ''ज्ञान'' और ज्ञानी अभी जैसे कहा उसे ही कहते हैं। अब ''ज्ञान'' का अर्थ यह है कि जिसे आत्मा का साक्षात्कार है, उसे ज्ञानी कहते है और तीर्थंकर ने आत्मा को जिस तरह पहचाना है और शब्दों के द्वारा जिस तरह वर्णन हो सके, उस तरह व्यक्त रीत से समझाया है। तो तीर्थंकर ने आत्मा की जो व्याख्या दी है, उसी तरह उस व्याख्या को अनुभव से जाना है तो येही ''ज्ञान'' है, बाकी वाचाज्ञान। अब सच्चा ज्ञान आज उसे कह सकते हैं, जिन्हे आत्मा का आंशिक अथवा ज्यादा अनुभव हो चुका है। और तीर्थंकर ने आत्मा को जिस तरह पहचाना है, उसी तरह आंशिक रीत से अपने आत्मा को पहचानते हैं। यद्यपि आत्मा का अनुभव मुझे आपको, शायद ये अथवा इसके बाद के भव में हो जाय तो यह अनुभव सिद्ध भगवान कहें, अरिहंत कहें, केवली कहें उनका जो अनुभव है और यह जो अनुभव है उसमें कोई फर्क नहीं। अभी जो अनुभव हुआ हो, वह कुछ सेकन्ड या मिनिट का हो सकता है और केवली वगैरह को वो अनुभव अखंडरुप से अनंतकाल तक चलता ही रहता है। तो इस प्रकार आत्मा के अनुभव के साथ जो कुछ भी जाना है, ऐसा जानने का ज्ञान वही सच्चा (यथार्थ) ज्ञान है। उसके अलावा जब ज्ञान, दर्शन, चारित्र और रत्नत्रय शब्द का प्रयोग करते हैं तब ज्ञान का यही अर्थ होता है। फिर जो कुछ जाना है, उस पर जितना बलवान विश्वास है और जितना बलवान विश्वास है, कि जो वस्तु अनुभव से मैं ने जानी है, यही आत्मा का १०० प्रतीशतः सच्चा अनुभव है और ऐसा ही बलवान विश्वास (कोन्फीडन्स) कहें, उसका नाम ''दर्शन'' है। यानि कि ज्ञान के बारे में जितनी गहरी समझ, उसे श्रद्धा कहें, उस श्रद्धा का नाम ''दर्शन'' है।

अब अगर ज्ञान प्रगट ही न हुआ हो, ज्ञान का अनुभव या जानकारी भी न हो तो फिर ''दर्शन'' भी नहीं हो सकता। यानि की बलवान श्रद्धा। ज्ञान अर्थात आत्मा और आत्मा के बारे में जितनी गहराई से अनुभव करके जो जाना है, उसी जानकारी का नाम ''ज्ञान''और उस पर जिनता विश्वास और श्रद्धा है, वही जीव का दर्शन है। और जितना विश्वास (कोन्फीडन्स) है, उसका ही दूसरा नाम श्रद्धा है। और जिस प्रकार से ज्ञान और उसकी जो श्रद्धा है, उसी प्रकार जीव का वर्तन सहजरूप से होता रहे अर्थात ''चारित्र'' सहजता से प्रगट होता है।

(क्रमशः)

ॐ शांतिः शांतिः शांतिः

नोंध : पूज्यश्री के मूल मार्ग रहस्य के विवेचन का यह संक्षिप्त स्वरूप अनन्य परिवर्तन के संपादक विभाग द्वारा लिखा गया है।

जो कुछ जाना है, उस पर बलवान विश्वास (कोन्फीडन्स) अनुभव से, उसका नाम ''दर्शन'' है।

Vachanamrut Letter 301

When a jiv reaches a state where the world is believed to be soulful; through his own experience, he starts viewing the whole world as a drama being played out or a dream and then he understands that whatever happens is absolutely right (destined). His near and dear ones seem like characters in a dream and he believes nothing in the world is permanent but only temporary. This now leads him to understand...

...Faults of others are not seen and one's own exceptional virtues are endured, only then it is worth living in this world; not otherwise.

Just as a jiv understands that whatever is happening in this world is destined, in a similar manner, the behaviour of the opposite person with us is a reflection of our own karma. Believing thus, it will not be a cause for unhappiness and the faults or imperfections of others are not seen. But if we haven't truly understood "dharma" (not religion but soul), in all kinds of relationships such as sister-in-law, mother and daughter-in-law etc., without exception, each will blame the other whenever there are arguments, differences etc. Everyone will say, "you don't understand".

The behaviour of the opposite person is only because of our own karma. When the principle is understood in this manner, then, the faults of the opposite person are not seen; in the past, I must have definitely behaved with him in a similar manner, the fault is mine. It is necessary to reflect deeply on this and this is possible only if we have an understanding of the soul (and its characteristics).

Now, inadvertently, if a fault is seen, the very next thought will be, "I am

Seeing our own faults, they will start reducing and likewise, once we start looking at virtues in the opposite person, the virtues will keep increasing in us.

Soul is nothing but knowledge and its progress means progress in knowledge and when the soul progresses, exceptional powers come.

soul" and immediately, the fault will boomerang. In this manner, seeing our own faults, they will start reducing and likewise, once we start looking at virtues in the opposite person, the virtues will keep increasing in us. This is a very scientific and effective process and there is no need for any scriptures, chanting mantras etc., which of course are necessary but the point being made here is that one can progress on this path and get close to one's own soul so easily.

one's own exceptional virtues are endured,only then it is worth living in this world; not otherwise.

Once the first three sentences are experienced, knowledge of the soul (atmagyan) increases. The extent of increase in knowledge of the soul is its progress and not indulging in varieties of rituals which are done for hours and years on end. The progress of soul is dependent on the increase in its Matigyan (knowing a person immediately on meeting him or knowing past births on going deep), Shrutgyan (deep reflection of sadguru's vachans), Avadhigyan (seeing the world till a distance, say up to 5 or 100 kms), Manahparyavgyan (accurately reading the thoughts of others) and Kevalgyan (ultimate knowledge of past, present and future of all living beings and non-living things).

Soul is nothing but knowledge and its progress means progress in knowledge and when the soul progresses, exceptional powers come and when these are endured and no one even knows about it, *only then it is worth living in this world; not otherwise.* When virtues are endured, they express themselves in character and actions.

Param Krupaludev who had such exceptional soul powers did not disclose them nor did He talk about them and used them only when absolutely necessary and only for spiritual reasons. Anandghanji Maharaj, Hemchandra Acharya and Kundkund Acharya were also like Him but very little is known about them.

Aum Shanti: Shanti: Shanti:

Concluded

Note: This edited version of Param Pujya Premacharyji's Discourse is done by the Editorial Team of Ananya Parivartan.

શ્રીમદ્ - અવધાનકાર અને જ્યોતિષી તરીકે



પાછલા લેખમાં આપણે શ્રીમદ્‌ને થયેલા ''જાતિસ્મરણજ્ઞાન'' વિશે જાણ્યું કે તેમને ૭ વર્ષની ઉંમરે ૭૦૦ પૂર્વ ભવોનું અને ૧૦ વર્ષની ઉંમરે ૮૦૦ પૂર્વભવોનું જ્ઞાન થયેલ જેણે તેમના જીવનમાં સંસાર પ્રત્યે બળવાન વૈરાગ્ય પ્રગટ કર્યો અને આત્મા છે, તે નિત્ય છે એ દ્રઢ કર્યું.

શ્રીમદ્ - એક અવધાની તરીકે

અવધાન શક્તિ એટલે એક સાથે અનેક વસ્તુ યાદ રાખી ભૂલ વિના કરવાની શક્તિ, જે કેળવેલી હોય અથવા ધારણારૂપે હોય. ધારણા એ મતિજ્ઞાનનો ભેદ છે અને આવી વ્યક્તિને સત્ય વસ્તુ પ્રત્યક્ષ હોય અને તીવ્ર સ્મરણશક્તિ સ્વયંસ્ફુરિત હોય. શ્રીમદ્ કરેલા અવધાનો ઉપરથી તેમની અવધાન શક્તિ ધારણારૂપ હતી એવું લાગે છે.

સં. ૧૯૪૦માં (ઉં.વ.૧૬) મુંબઈમાં શ્રી ગટ્ટુલાલજી મહારાજ અને મોરબીમાં શાસ્ત્રી

શંકરલાલ માહેશ્વર ભટ્ટ અષ્ટાવધાન કરતાં અને તે વેળા હિન્દુસ્તાનમાં ચમત્કારિક સ્મરણશક્તિવાળા આ બે જ વ્યક્તિઓ પ્રખ્યાત હતાં. શાસ્ત્રી શંકરલાલના અવધાન પ્રયોગો મોરબીના ઉપાશ્રયમાં જ્યારે થયા હતાં ત્યારે શ્રીમદ્ પોતાની અદ્‌ભૂત સ્મરણશક્તિ દ્વારા અવધાન કઈ રીતે થાય એ અવલોકી લીધું. બીજે જ દિવસે ખાનગીમાં મિત્રો સમક્ષ નવા નવા વિષયો લઈ અષ્ટાવધાન કરી બતાવ્યા અને પછીના દિવસે જાહેરમાં બે હજાર પ્રેક્ષકો સમક્ષ તે જ ઉપાશ્રયમાં તેમણે ૧૨ અવધાન સફળતાપૂર્વક કરી બતાવ્યા. અત્યાર સુધી તેઓ કવિ તરીકે પ્રખ્યાત હતા પણ હવે તેમની સ્મરણશક્તિ માટે જાણીતા થયા.

આ પ્રસંગો ઉપરથી આપણે એ જાણી શકીએ છીએ કે શ્રીમદ્‌ની અવલોકન શક્તિ કેવી હશે! Power of observation અથવા અવલોકનમાં ત્રણ મુખ્ય બાબતો છે - જોવું, તેનું માનસિક વિશ્લેષણ અને ત્યારબાદ યાદ રાખવું. 'જોવું' અને 'અવલોકવું'માં ફેર છે. અવલોકનમાં એકાગ્રતા જોઈએ. જે નેત્રો દ્વારા નથી દેખાતું તે શું છે? એ હૃદયથી જાણવાનો પ્રયાસ એટલે અવલોકન.

વૈજ્ઞાનિકો આનો ઉપયોગ કરી નવી નવી શોધખોળો કરે છે. અવલોકન શક્તિ અભ્યાસ દ્વારા કેળવી શકાય છે અને પરમાર્થે આગળ વધવા આ શક્તિ ઘણી ઉપયોગી છે. પરમ કૃપાળુદેવનું વચન છે, **'સત્પુરુષોની મુખાકૃતિનું હૃદયથી અવલોકન કરવું.'** (વચનામૃત પત્રાંકઃ૧૭૨)જ્ઞાની સત્પુરુષની મુખાકૃતિનું હૃદયથી અવલોકન કરવાથી તેમના આત્માની ચેષ્ટા ઉપર દ્રષ્ટિ જાય છે અને સારા અભ્યાસ થકી વૃત્તિ ત્યાં જ ટકી રહે છે અને રહસ્યો ખૂલે છે. **'... જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્‌ગુરુના આત્માની ચેષ્ટા વિશે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દ્રષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે અને સહેજે આત્મબોધ થાય ...'** (વચનામૃત પત્રાંકઃ ૪૯૩)

૧૬ વર્ષના શ્રીમદ્ માટે બીજી નોંધપાત્ર વાત એ પણ છે કે અષ્ટાવધાન પ્રયોગો તેમણે અવલોકી, તરત જ બીજે દિવસે નવા નવા વિષયો લઈ કર્યા, જે તેમની પ્રયોગ વીરતાના દર્શન કરાવે છે.

મોરબી પછી જામનગરમાં ૧૨/૧૬ અવધાન, વઢવાણમાં ૧૬ અને બોટાદમાં હરણફાળ ભરી બાવન અવધાન તેમણે કર્યા. વિ.સં. ૧૯૪૨માં શ્રીમદ્ મુંબઈ આવ્યા ત્યારે તેમણે બહોળા પ્રમાણમાં અવધાનના પ્રયોગો જાહેરમાં કરી ખૂબ ખ્યાતિ મેળવી. સં. ૧૯૪૩માં ફરામજી કાવસજી હોલમાં (ધોબી તળાવ - મેટ્રો સિનેમાની સામે) તેમણે ૧૦૦ અવધાન કરી પ્રેક્ષકોને મુગ્ધ કરી દીધા. પ્રચંડ પરાક્રમ, હિમ્મત, આત્મવિશ્વાસ, બુદ્ધિ પ્રતિભા, વળી ન ભણેલી ભાષાના શબ્દોને ક્રમમાં સાચી રીતે ગોઠવવા વિગેરે ગુણો તેમનામાં દ્રશ્યમાન થાય છે. કેવી અદ્‌ભુતતા!

મુંબઈ હાઈ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ, સર ચાર્લ્સ સારજન્ટે તો તેમને યુરોપ જઈને આ ગજબની શક્તિના પ્રદર્શનો બતાવવાનું આગ્રહભર્યું સૂચન પણ કર્યું હતું. પરંતુ પોતે જૈન ધર્માનુસાર યુરોપમાં રહી નહીં શકે એટલે આ સૂચનને માન્ય ન રાખ્યું. અહીં નોંધનીય બાબત એ છે કે યુરોપના દેશોમાં જઈ તેઓ અઢળક ધન, ખ્યાતિ વિગેરે કમાઈ શકત પણ તેનો શ્રીમદ્‌ને મોહ ન હતો અને જૈન ધર્મના પાલન માટે કેવી નિષ્ઠા!

અવધાન શક્તિ ઉપરાંત શ્રીમદ્ અલૌકિક સ્પર્શેન્દ્રિય શક્તિ પણ ધરાવતા હતા. જુદા જુદા બતાવેલા પુસ્તકોને સ્પર્શથી ઓળખતા. આ ઉપરાંત માત્ર રસોઈ જોઈને, ચાખ્યા કે અડ્યા વગર તેમાં મીઠું ઓછું છે કે વધુ એ કહી શકતા. શ્રીમદ્ કહેતાં, **'અંતકરણની શુદ્ધિ સિવાય થઈ શકે નહીં, શીખવાડ્યું આવડે તેમ નથી.'**

આવી અદ્‌ભુત શક્તિઓ હોવા છતાં, માત્ર વીસ વર્ષની વયથી સં. ૧૯૪૩થી તેમણે અવધાનના પ્રયોગો જાહેરમાં કરવા છોડી દીધા હતા અને તે શક્તિને પોતાના અંતરમાં સમાવી દીધી હતી. ('... **પોતાના ગુણોનું ઉત્કૃષ્ટપણું સહન કરવું'** - વચનામૃત પત્રાંક - ૩૦૧). આવી હિમ્મત, નિસ્પૃહતા સામાન્ય જનમાં જોવા મળે? શ્રીમદ્‌ની અવધાન શક્તિ તો

પ્રસંશનીય, વંદનીય છે જ પરંતુ ખ્યાતિના શિખરે તેનો ઉપયોગ સદંતર બંધ કરી દેવો એ વધુ વંદનીય છે અને આપણે માટે બોધરૂપ છે.

શ્રીમદ્ એક જ્યોતિષી તરીકે

પ્રારબ્ધ અને પુરુષાર્થ - આ બન્ને વચ્ચે મોટા ભાગના જીવો (યથાર્થ આત્માર્થીઓને બાદ કરતાં) ઝુલતા હોય છે અને આ એક વાદ - વિવાદ માટેનો પણ સારો વિષય છે. બન્ને પક્ષે દલીલો રજુ કરી શકાય છે. કોઈને પણ પોતાનું ભવિષ્ય શું હશે એ જાણવાની ઉત્સુકતા હોય જ અને જ્યોતિષો આ જિજ્ઞાસાને સંતોષતા હોય છે. કેટલાયની જ્યોતિષમાં બળવાન માન્યતા અને આચરણા દેખાતી હોય છે. વળી, અવધાનની જેમ અમુક નિમિત્તો મળતાં, આ જ્ઞાનનો ઉપયોગ પણ શ્રીમદે સદંતર બંધ કર્યો હતો.

શ્રીમદે શરૂઆતમાં જ્યોતિષ વિદ્યાનો એક શોખ તરીકે અભ્યાસ શરૂ કર્યો હતો. તેઓ મુંબઈ આવ્યા તે પહેલા વિ.સં. ૧૯૪૨માં તેમના બનેવી શ્રી ચત્રભુજ બેચરને મળવા જેતપુર ગયા હતા. ત્યાંના નામાંકિત વિદ્વાન જ્યોતિષી, શ્રી શંકર પંચોળીએ ચત્રભુજ ભાઈને શ્રીમદ્ને કયા સ્થળે, ક્યારે કેટલી અર્થ પ્રાપ્તિ થશે એ વિશે ભવિષ્ય ભાખ્યું હતું (શ્રીમદ્ની તે વેળા આર્થિક સ્થિત સાંકડી હતી) જે ઘણે અંશે સાચુ ઠર્યું હતું. સંપૂર્ણપણે ભવિષ્ય ભાખી શકાય એ કક્ષાનું જ્ઞાન મેળવવાની વૃત્તિ શ્રીમદ્ને થઈ હતી અને માટે, આ વિષયનો તેમણે ઊંડો અભ્યાસ કર્યો. જ્યોતિષ વિશેના સંસ્કૃત, માગધી ભાષાના ગ્રંથો જેમ કે ભદ્રબાહુ સ્વામી કૃત 'ભદ્રબાહુ સંહિતા' તેઓ અવગાહી ગયા હતાં. તેઓશ્રીની જ્ઞાન પિપાસા કેવી ઉત્કંઠ હશે ! તેઓશ્રી હસ્ત, મુખ આદિનું અવલોકન કરી - અર્થાત સામુદ્રિક લક્ષણથી પણ જ્યોતિષ જોઈ શકતા હતા.

વિ.સં. ૧૯૪૩ના આસો માસમાં જેતપુરમાં શ્રી શંકર પંચોળીને તેમણે જ્યોતિષનો નષ્ટ વિદ્યાનો (નષ્ટ વિદ્યા એટલે સાલ, માસ, તિથિ સમય વિગેરે વિનાની સાચી કુંડળી ઉપરથી તે કુંડળીના સાલ, માસ, તિથિ સમય વિગેરે સાચા કહી દેવા) પ્રયોગ બતાવીને આશ્ચર્ય ચકિત કરી દીધા હતા. શ્રી પંચોળીએ તેમની પાસેથી આ વિદ્યા શીખવાની વિનંતી કરી જેના પ્રત્યુત્તરમાં શ્રીમદ્ જણાવ્યું હતું કે આ વિદ્યા શીખવાડી શકાય તેવી નથી. વળી તે ગણિતનો વિષય હોવાથી અતિશય સ્મરણ શક્તિ, ચિત્તની એકાગ્રતા અને સ્થિરતા માંગે છે અને તે માટે બળવાન ઉપાદાન જોઈએ.

શ્રીમદ્ના જ્યોતિષના જ્ઞાનની ખ્યાતિ ધીરે ધીરે પ્રસરતી ગઈ અને તેથી તેમના એ જ્ઞાનનો લાભ તેમનાં સગાં સબંધી, સ્નેહી, આપ્તજનો છૂટથી લેવા લાગ્યા અને પૂછનારાની સંખ્યા વધતી જ ગઈ. આ પ્રવૃત્તિ તેમને પરમાર્થ માર્ગમાં વિઘ્નરૂપ લાગવા લાગી. વિ.સં. ૧૯૪૫માં અમદાવાદમાં શેઠ દલપતભાઈ ભગુભાઈના વંડે એક વ્યક્તિના માંદગીના પ્રશ્નમાં તેમણે સાચો જવાબ આપ્યો અને કહ્યું, ''અમારે શું આવા દુઃખદ સમાચાર આપવા ?''

શ્રીમદ્ એમના હૃદયસખા શ્રી સોભાગભાઈને પણ પૂર્વે ઉપાર્જન કરેલા કર્મો સમભાવે વેદી લેવા તથા જ્યોતિષ સંબંધી વિકલ્પ પણ ન કરવા કેટલાય પત્રોમાં ઉપદેશતા.

૦ ભવિષ્ય જ્ઞાનની જેમાં અવશ્ય છે, તે વાત પર હમણાં લક્ષ રહ્યું નથી (પત્રાંક : ૧૩૨)


૦ આજે આપનું જન્માક્ષર સહ પત્ર મળ્યું. જન્માક્ષર વિશેનો ઉત્તર હાલ મળી શકે તેમ નથી. (પત્રાંક : ૨૨૦)

૦ જ્યોતિષને કલ્પિત કહેવાનો હેતુ એવો છે કે તે વિષય પારમાર્થિક જ્ઞાને કલ્પિત જ છે, અને પારમાર્થિક જ સત્ છે; અને તેની જ રટના રહે છે. (પત્રાંક ૨૨૨)

૦ તે સિવાય પત્રાંક : ૨૩૩, ૩૨૯...વિ.

શ્રી સોભાગભાઈને જ્યોતિષ વિશે આટઆટલી ના કહે એ ઉપરથી શ્રીમદ્ને તે વિષય પ્રત્યે કેટલો વૈરાગ્ય આવી ગયો હશે ! અને પરમાર્થ માર્ગમાં જ્યોતિષ જ્ઞાન કેવું વિઘ્નરૂપ લાગતું હશે એ આપણને દ્રષ્યમાન થાય છે.

(ક્રમશઃ)



SRATRC - KOLKATA

સમાગમ મહોત્સવ

શ્રીમદ્ રાજચંદ્ર આત્મ તત્વ રીસર્ચ સેન્ટર, રાજનગર, પરલીના કોલકાતા સેન્ટર દ્વારા સંસ્થાના પ્રણેતા, પૂજ્યશ્રી પ્રેમાચાર્યજી (પ.પૂ. પપ્પાજી) અને મુમુક્ષુઓના પરમાર્થ સખા પૂજ્ય નિલેશભાઈના સાંનિધ્યમાં ''સમાગમ મહોત્સવ''નું સફળ આયોજન તા. ૨૨-૦૧-૨૦૧૯થી ૨૭-૦૧-૨૦૧૯ના કરવામાં આવ્યું હતું.

તા. ૨૧-૦૧-૨૦૧૯ના સોમવારે પૂજ્યશ્રી પ્રેમાચાર્યજી, પૂજ્ય નિલેશભાઈ તેમ જ મુંબઈના મુમુક્ષુઓનું ડુરાન્ટો એક્સપ્રેસ દ્વારા કોલકાતા મહાનગર મધ્યે આગમન થયું હતું.

તા. ૨૨-૦૧-૨૦૧૯ તેમજ ૨૩-૦૧-૨૦૧૯ના તેમણે કોલકતા સેન્ટરના મુમુક્ષુઓના પરમાર્થિક વિકાસ માટે તથા કોલકાતા સેન્ટર દ્વારા ચાલી રહેલી જુદી જુદી માનવસેવાની પ્રવૃત્તિઓના વિકાસ માટે દરેક કમિટિ મેમ્બર્સ સાથે મિટિંગ્સ કરીને તેઓને યથાયોગ્ય માર્ગદર્શન આપ્યું હતું.

તા. ૨૪-૦૧-૨૦૧૯ના ગુરુવારે સાંજે ૬.૩૦ કલાકે કલામંદિર ઓડીટોરિયમ મધ્યે સર્વેમાટે પરલી સેન્ટર મધ્યે ચાલી રહેલી માનવસેવાની જુદી જુદી પ્રવૃત્તિઓને એક વિડિયો પ્રેઝન્ટેશન દ્વારા પ્રસ્તુત કરવામાં આવી હતી તેમજ સંસ્થાના ભવિષ્યના પ્રોજેક્ટ્સથી પણ સર્વેને અવગત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ કોલકાતા મહાનગરના સમાજસેવક તથા પ્રતિષ્ઠિત વ્યક્તિ, શ્રી ચંદ્રવદનભાઈ દેસાઈના વરદ્ હસ્તે મંગલદિપક પ્રજ્વલિત કરાવવામાં આવ્યો હતો.

ત્યારબાદ મુંબઈ સેન્ટરના મુમુક્ષુઓ દ્વારા નાટ્ય પ્રયોગ, ''રાજ હૃદય'' પ્રેક્ષકગણ સમક્ષ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો જેમાં પરમ કૃપાળુ દેવ



શ્રીમદ્ રાજચંદ્રજીની અંતરંગ આત્મદશા, વિશુદ્ધ આત્મિકજ્ઞાન સાથે માત્ર પૂર્વે નિબંધન કરેલાં કર્મોની નિર્જરા માટેની વ્યવહાર પ્રવૃત્તિઓ તેમજ સાદી, સરળ છતાં તત્વસભર ભાષામાં તેમના સમાગમમાં આવેલ મુમુક્ષુઓને વિતરાગમાર્ગે દોરવાના તેમના જીવનના જુદા જુદા પ્રસંગોનું આલેખન તેમના પરિચયમાં આવેલા ૩ મહાન ભકતરત્નોના પાત્રો દ્વારા આબેહુબ રીતે ભજવવામા આવ્યું હતું. તત્વસભર આ નાટ્ય પ્રયોગ સર્વે પ્રેક્ષકગણને ખૂબ જ હૃદયસ્પર્શી રહ્યો એમ સર્વેનો અભિપ્રાય રહ્યો હતો.

તા. ૨૫-૦૧-૨૦૧૯ના શુક્રવારે સવારે એસ.વી. સોશ્યલ વેલફેર સોસાયટીના પહેલે માળે પૂજ્યશ્રી પ્રેમાચાર્યજી દ્વારા શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃતજીમાંના મોક્ષમાર્ગ પ્રદર્શક પત્રાંક ૩૭ના થોડાક વચનો ઉપર વિવેચન કરવામાં આવ્યું હતું જેમાં તેઓશ્રીએ પરમ કૃપાળુદેવની ૨૨માં વર્ષની વયની આત્મિકદશા ઉપર પ્રકાશ પાડ્યો હતો. મુમુક્ષુએ પોતાના મનમાં ઉઠતાં સંકલ્પ અને વિકલ્પોને સંયમિત કરીને પોતાના મોહભાવને મંદ કરતાં અંતરંગ વૈરાગ્યભાવ સાથે વ્યવહારની પ્રવૃત્તિઓ કેવી રીતે કરવી જોઈએ તેનું સચોટ માર્ગદર્શન આપ્યું હતું. પત્રાંકમાં છૂપાયેલા જૈન દર્શનના તાત્વિક રહસ્યો ઉપર તેમણે વિશેષ પ્રકાશ પાડ્યો હતો. પરમ જ્ઞાનસભાના અંતે મુમુક્ષુઓની પરમાર્થિક શંકાઓનું સમાધાન પણ તેમણે કર્યું હતું. તે જ દિવસે સાંજે કોલકાત્તા સેન્ટરના મુમુક્ષુઓ દ્વારા એક સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો જેમાં કોલકાતા સેન્ટર મધ્યે ચાલી રહેલી આધ્યાત્મિક તેમજ માનવસેવાને લગતી જુદી જુદી પ્રવૃત્તિઓને રમુજી વક્તવ્ય દ્વારા પ્રસ્તુત કરવામાં આવી હતી તથા તે દરેક પ્રવૃત્તિઓમાં ઉત્સાહપૂર્વક જોડાવા માટે સર્વેને મુમુક્ષુઓને વિનંતી પણ કરવામાં આવી હતી.

તા. ૨૬-૦૧-૨૦૧૯ના પૂજ્યશ્રીના સત્સંગનો લાભ સંસ્થાના શ્રીમદ્ રાજચંદ્ર મંદિર મધ્યે સર્વેને મળ્યો હતો. મોક્ષમાર્ગના આવશ્યક અંગ એવા સમકિતની પ્રાપ્તિ માટેની સાચી સમજણ અને તે મુજબનું વર્તન એક મુમુક્ષુનું કેવું હોવું જોઈએ તે ઉપર તેમણે વિશેષ પ્રકાશ પાડ્યો હતો. આત્માનું કર્તાપણું અને ભોક્તાપણું વ્યવહારના દ્રષ્ટાંતોથી અત્યંત સરળ છતાં તાત્વિક ભાષામાં સમજાવતા કહ્યું હતું કે કર્મોને ભોગવતી વખતે હૃદયમાં જે અસર થાય છે તે જીવનું

ભોક્તાપણું છે. કર્મ ભોગવતી વખતે આત્મા સંબંધી સાચી સમજણ ન હોય તો નવા કર્મબંધનનું કારણ થાય છે અને જીવ આ સંસાર પરિભ્રમણમાં ફસાઈ રહે છે. આમ આ સંસાર પરિભ્રમણમાંથી છૂટવા માટે આત્મા સંબંધી સાચી સમજણ મેળવવા ઉપર તેમણે વિશેષ ભાર આપ્યો હતો. સાંજે પૂજ્યશ્રી પ્રેમાચાર્યજી અને પૂજ્ય નિલેશભાઈએ સંસ્થાના ૧૦૦થી પણ વધુ યુવા મુમુક્ષુઓ સાથે તેમના પરમાર્થિક વિકાસ અર્થે મિટિંગ કરી હતી જેમાં તેમણે સર્વે યુવા મુમુક્ષુઓને આત્મધર્મના માર્ગે આગળ વધવા માટેનું યથાયોગ્ય માર્ગદર્શન તથા તેમની પરમાર્થિક શંકાઓનું સમાધાન પણ કર્યું હતું.

તા. ૨૭-૦૧-૨૦૧૯ના રવિવારે સવારે સંસ્થાના પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્ર મંદિર મધ્યે સર્વ ધર્મનો સાર તેમજ સંપૂર્ણ મોક્ષમાર્ગ દર્શાવતી પરમ કૃપાળુદેવ રચિત અપૂર્વ કાવ્યરચના ''શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર''નું પૂજન તેમજ સ્થાપના કરવામાં આવી હતી. અત્યંત આધુનિક સિસ્ટમ દ્વારા મંદિરની દિવાલ ઉપર આ સ્થાપના કરવામાં આવી હતી કે જેમાં દૂરથી જોતાં તે અપૂર્વ કાવ્ય રચનાના સમયનું દ્રષ્ય દેખાય તથા પાસેથી જોતાં ક્રમબદ્ધ રીતે ગોઠવેલી દરેક ગાથાઓ વાંચી પણ શકાય.

પૂજન પત્યા બાદ જે મુમુક્ષુઓએ આ ૧૪૨ ગાથાઓની સ્થાપનાનો લાભ લીધો હતો તે દરેક ગાથાનું પૂજ્ય નિલેશભાઈ દ્વારા વાસક્ષેપ પૂજન કરવામાં આવ્યું હતું અને મુમુક્ષુઓ દ્વારા દરેક ગાથાઓની સ્થાપના કરવામાં આવી હતી. શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર સ્થાપના સમયે મંદિરનું વાતાવરણ ભક્તિપદોની ધૂન સાથે મુમુક્ષુઓના હૃદયના જોડાણને લીધે ભક્તિમય થઈ ગયું હતું. અંતે સર્વે મુમુક્ષુઓએ ગુરુ પ્રસાદનો લાભ લીધો હતો. તેજ દિવસે રાત્રે ૭.૦૦ કલાકે શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરના કોલકાતા સેન્ટર મધ્યે પૂજ્ય નિલેશભાઈએ મુલાકાત લીધી હતી તેમજ ત્યાંનાં મુમુક્ષુઓને શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃતજી પત્રાંક ૭૬નું વિવેચન કરીને સંગનો સત્ લાભ પણ આપ્યો હતો.

કોલકાતા સેન્ટરના મુમુક્ષુઓને તેમના પરમાર્થ માર્ગદર્શક પૂજ્યશ્રી પ્રેમાચાર્યજી તેમજ પરમાર્થ સખા પૂજ્ય નિલેશભાઈના સમાગમનો લાભ મળ્યો તેનાં આનંદની છાપ સર્વે મુમુક્ષુઓના ચહેરા ઉપર વર્તાઈ રહી હતી.





Q પર્યુષણનાં સત્સંગમાં આપે ગુરુને કેવી રીતે ઓળખવા, ગુરુ કેવી રીતે કૃપા કરે છે એ કહ્યું. શિષ્ય વિશે આપે કહ્યું કે શિષ્ય તાલાવેલીવાળો હોવો જોઈએ, એ રીસ્પોન્સર અને રીએક્ટીવ હોવો જોઈએ. એના સિવાય એવા કયા ગુણો છે જેનાથી શિષ્યની યોગ્યતા માપી શકાય ?

ઉત્તર : પહેલું તો એ કહીએ કે સંસારથી અત્યંત એવો અણગમો, સંસારની કોઈપણ ક્રિયા કરતાં મનની અંદર ખેદ થાય, દુઃખ થાય. આ સંસારથી હું ક્યારે છૂટું, ક્યારે છૂટું ? ક્યારે હું મારા બધા કર્મોની નિર્જરા કરી શકું ? એવું થતું હોય, પણ વર્ષો સુધી પુરુષાર્થ પછી પોતે ધારે છે એવું પરિણામ ન આવે ત્યારે પછી એક વિચાર આવે કે મારાથી થાતું નથી, કોઈ આ વિષયનો જાણકાર મળે તો સારું.

પછી ગુરુની શોધ શરૂ થાય. ગુરુની શોધ જ્યારે થાય ત્યારે ક્રમશઃ શિષ્યમાંયોગ્યતાઆવતીરહેછે.સંસારઅનેપરમાર્થએટલેકેઆત્મધર્મ બન્ને સરખા વહાલા લાગે એ શક્ય નથી. બે માંથી એકનુંજ મહત્વ થઈ શકે. સંસાર ચાલે અથવા તો ધર્મ ચાલી શકે. યોગ્યતા માટે અત્યંત એવો વૈરાગ્ય અંતરંગથી જોઈએ અને વૈરાગ્યનો અર્થ એ જ કે સંસારમાં પાંચે ઈન્દ્રિયોનાં જે કાંઈ વિષયો છે એના પ્રત્યે અણગમો રહેતો હોય તે.

Q આપે અને પરમ કૃપાળુદેવે વારંવાર કહ્યું છે કે ભક્તિ એજ પહેલું પગથિયું છે, આત્મજ્ઞાન માટે અને મોક્ષ તરફ જવા માટે. આ બધું સમજાય છે અને પ્રયત્ન પણ કરું છું. પણ ભક્તિનો જે ઉમળકો આવવો જોઈએ એ રીતે થતું નથી તો ભક્તિ કેવી રીતે વધારી શકાય ?

ઉત્તર : પહેલા તો ભક્તિનો અર્થ થાય છે પ્રેમ. પ્રેમ વિશેષ પ્રકારે અને વધારે ને વધારે જ્યારે થાય તો શ્રદ્ધા સાથે આવી જાય. પ્રેમ અને શ્રદ્ધા હોય તો અર્પણતા પણ થાય. સંસારનું ઉદાહરણ લો કે કોઈને તમે વરસ બે વરસથી પ્રેમ કરો છો અને એ ન હોય તો પાગલ થઈ જવાય એટલો વિરહ અનુભવો છો. એમની ગમે તેવી વાત હોય તો પ્રેમના કારણે તમે માન્ય કરી લ્યો છો. એ વખતે ઝગડો નથી કરતા કે કેમ આમ છે, તેમ છે. પછી લગ્ન થાય છે ત્યારે પત્ની પતિને પોતાનું સર્વસ્વ અર્પણ કરી દે છે. એનું પોતાનું કંઈ રહેતું નથી. આમ ભક્તિનો અર્થ છે અનકંડીશનલ સરેંડર.

પ્રેમ જે છે એ કરાતો નથી, થઈ જાય છે. કોઈ કહે હું પ્રેમ કરું છું તો ના, થઈ ગયો છે. કોઈ સાથે પ્રેમ થઈ જવાનું એક કારણ છે એ વ્યક્તિનો નિરંતર પરિચય. સતત પરિચય હોય ત્યારે કોઈ ચમત્કાર જેવી વસ્તુ અનુભવમાં આવે છે. આમની પાસે તો કંઈક અજીબ તરહનું છે જે મારામાં નથી. એવું વારંવાર, દરેક વખતે અનુભવમાં આવે, રોજ કાંઈક નવું લાગે. આવું બીજા પાસે જોયું નથી એવું કંઈક આ છે. આમ સતત પરિચય અને એ ન હોય તો સ્મરણની અંદર એવો જ સતત પરિચય રહ્યા કરે એ ભક્તિ છે.

Q મતાર્થીનાં લક્ષણનાં વિવેચનમાં આપે કહ્યું છે કે "ક્રિયા

અથવા ભાવ અગત્યનાં નથી એનું સ્વરૂપ અને રીત અગત્યના છે'' તો આ વચન વિશેષ સમજવું છે.

ઉત્તર : હું કોઈ ભાવ કરું એ ભાવ અને જેને ખબર નથી કે આત્મા શું કહેવાય એવી કોઈ વ્યક્તિ ભાવ કરે તો શું અમને બરોબર એકસરખું ફળ મળશે ? આત્મ પદાર્થ સિવાય ભાવ બીજું કોઈ કરી ન શકે. હવે અજ્ઞાની આત્મા ભાવ કરશે તો એ જ્ઞાનવાળા ભાવ હશે કે અજ્ઞાનવાળા ભાવ હશે ? અજ્ઞાની આત્મા ભાવ કરે એ પૂરા થાય ? પણ કોઈ કર્મના કારણે બનવા જોગ છે કે એ ભાવ પૂરા થાય. જ્ઞાન સ્વરૂપ આત્મા જે ધારે એ એને પ્રાપ્ત થઈ શકે પણ એ દશાએ એ ઈચ્છારહિત જ રહેવા માંગતા હોય એટલે આ રીતે ભાવ ઈમ્પોંટેંટ નથી અને ક્રિયાથી કર્મ બંધાતા જ નથી, એટલે ક્રિયાનું ઈમ્પોર્ટન્સ નથી.

આત્માનું એ સ્વરૂપ જ્યાં ભાવ નથી જ, ભાવ રહિતપણું છે, કોઈપણ વસ્તુ હૃદયને સ્પર્શ માત્ર નથી કરતી તો એને મોક્ષની શું જરૂર છે ? ત્યાં નવું કર્મબંધન થતું જ નથી. અત્યંત એવા આનંદમાં અખંડપણે રહ્યા કરે છે. એનાથી જરાક નીચે ઉતરીએ ત્યારે કહીએ કે જ્ઞાની આત્મા છે. મતિજ્ઞાનનાં કારણે કદાચ એકાદ બે ભવ જોયા હોય પણ અવધિજ્ઞાન કે મનઃપર્યવજ્ઞાન હજી પ્રાપ્ત નથી થયું એ આત્માનું સ્વરૂપ ભાવ પ્રમાણે સાધારણ જીવ કરતાં વધારે સારું છે. ઘણું બધું હજી પ્રાપ્ત કરવાનું છે. ક્રિયા વખતે ભાવ રહિતની ક્રિયા થાય છે કે નહીં એ અગત્યનું છે. ક્રિયાથી કોઈ કર્મબંધન નથી પણ સાથે ભાવ ન હોય તો ! એટલે ભાવનાં કારણે કર્મબંધન થાય છે. તમે કોઈપણ કાર્ય કરો એમાં ભાવ જોડાયેલા હશે જ.

પ્રેક્ટીકલી તમે તમારી રીતે વિચાર કરીને જુઓ કે તમે મતાર્થી છો કે નહીં ? તો ચોક્કસ લાગશે અમુક અંશે તમે મતાર્થી છો. એ જગ્યાએ એવો પુરુષાર્થ અને ભાવ કરવાના છે કે બીજા-ત્રીજા ભવે જરૂર એ દોષો છૂટી જશે જ. તીર્થંકર પ્રભુને પણ ઓછામાં ઓછા સાત ભવ, વધારેમાં વધારે ૧૫ ભવ અને સમકિત પહેલાં તો ૫૦૦ ભવ લાગેલા હોય. એવી રીતે સમકિત જલદી પ્રાપ્ત થઈ જાય તો ૧૫ ભવથી વધારે કોઈ સંજોગોમાં ન લાગે.

આત્માર્થીનાં લક્ષણો વાંચશો ત્યારે લાગશે આ મારામાં છે. આત્મજ્ઞાનનો અર્થ એવી રીતે સમજીએ તો ચાલે. તીર્થંકરે જે પ્રમાણે આત્માનું વર્ણન કરેલું છે, એ જ પ્રમાણે આપણને ખાલી સમજણમાં આવે તો આત્મજ્ઞાન ચોક્કસ ચોક્કસ કહેવાય પણ પ્રેક્ટીસ નથી. એટલું જ્ઞાન હોય તો સમકિતની પ્રાપ્તિની શરૂઆત છે એમ સમજો. પછી બરાબર ધ્યાન રાખવાનું રહે કે મતાર્થીનાં લક્ષણ વધી ન જાય. સંસારની અંદર અત્યંત સાદાઈથી, જે કાંઈ જવાબદારી છે એ હસતાં હસતાં પૂરી કરવાની; અશુભ હોય તોય, શુભ હોય તોય હસતા રહેવાનું.

Q મને મંત્ર મળ્યો છે પણ એનું ઉચ્ચારણ ક્યારેક ચાલે છે ક્યારેક ભૂલી જવાય છે, તો મંત્રનું આરાધન કેવી રીતે કરવું એ સમજાવશોજી.

ઉત્તર : મંત્ર મળ્યા પછી મંત્રનાં જે જે શબ્દો છે એ શબ્દો આત્મસાત થવા જ જોઈએ અને એ ત્યારે જ થાય કે જ્યારે ખૂબ એકાગ્રતાથી માત્ર મંત્ર બોલાતો હોય. ટ્રેનમાં કે કારમાં જતા હોઈએ ત્યારે કોઈ સાથે ગપ્પા મારવા કરતાં નજર એક જ પોઈન્ટ પર રાખી મંત્ર બોલાવો જોઈએ. મંત્રનાં એક-એક શબ્દ આત્માની અંદર ઉતરવા જોઈએ. આ પહેલું પગથિયું છે. દિવસ અને રાત મહિનાઓ નહીં, વર્ષો સુધી મંત્ર ચાલ્યા જ કરવો જોઈએ એટલે કે જ્યાં સુધી એ મંત્ર આત્મા પોતે બોલવા મંડે નહીં ત્યાં સુધી એના એક એક અક્ષર ઉપર વિચાર કરવો પડે. જેમ મંત્ર 'સહજાત્મ સ્વરૂપ પરમગુરુ' બોલવામાં આવે છે તો આત્માનું જે સહજ સ્વરૂપ છે એ સહુથી મોટો આપણો ગુરુ છે. આત્મા સહજ સ્વરૂપ પ્રાપ્ત કરે તો બધી જ વખતે આત્મા આપણને માર્ગદર્શન આપશે. આપણો ગુરુ થઈને સેકન્ડે સેકન્ડે આપણને ગાઈડ કરશે. શું કરવું, શું ન કરવું એટલે સહજ સ્વરૂપ શું કહેવાય એને સમજતા પણ કદાચ ૨-૩ વરસ લાગી જાય. આવી રીતે મંત્રનું આરાધન થવું જોઈએ. પરમ કૃપાળુ દેવ ભગવાન મહાવીરની સાથે ૭-૮ વરસ હતાં. એક હતાં તીર્થંકર અને બીજા કૃપાળુ દેવ જેવા યોગ્ય શિષ્ય. ભગવાન મહાવીરના શિષ્ય હતાં છતાં એમને ૨૫૦૦ વરસ, ૧૦૦ વરસનું આયુષ્ય ગણો તો ૨૫ ભવ લાગ્યા તો આપણને ૨-૪ વરસમાં કેવી રીતે મળે ?

૪૦-૪૦ વરસની દિક્ષા પર્યાય હોય, શાસ્ત્રો કંઠસ્થ હોય, આચાર્યપણું પણ પ્રાપ્ત થયું હોય તો પણ અંતરંગથી સંસારનો જે ત્યાગ જોઈએ ત્યાં બીજો સંસાર ઊભો હોય એવા આચાર્યો પણ અનંતકાળ સુધી રખડશે.

પુરુષાર્થની રીત જો સમજવામાં નહીં આવે તો માર્ગ મળવો મુશ્કેલ છે. હોમવર્કમાં ૨-૩ કલાકનું વાંચન થવું જોઈએ. સંસાર ઝેર જેવો લાગે અને કોઈપણ રીતે આ સંસારથી છૂટીએ એવી અંદરથી લગન લાગતી નથી ત્યાં સુધી આ માર્ગ મળતો નથી.

ઘણીવાર લોકો કહેતાં હોય છે કે હું ૧૦ વરસથી કરું છું પણ મારા કષાયો ઓછા નથી થતાં, વાસના ઓછી થતી નથી; તો નહીં થાય. પણ ઓછી કરવી છે, એવો પાક્કો વિશ્વાસ મનમાં કરી લેવામાં આવે કે કરીને જ રહીશ તો ૨-૪ ભવમાં અવશ્ય થાશે.



■ **શિલ્પા શાહ,** બેંગ્લોર

હું ૧૫ વર્ષની હતી જ્યારે મને પરમ પૂજ્ય પપ્પાજી મળ્યાં. પહેલી જ વારમાં કોઈ અસીમ પ્રેમ અને વિશ્વાસની લાગણીઓનું જાણે પૂર આવ્યું. બીજી કાંઈ સમજ ન હતી. બસ, આ પુરુષ સાચા છે, શ્રેષ્ઠ છે, ખૂબ જ સારા છે. મારું સર્વ પ્રકારે હિત ઈચ્છનારા આ એક જ છે એમ લાગ્યા કરતું. એ જે કહે એ બધું જ માનવાનું મન થાય. એ જે કહે એ હૃદયમાં સોંસરા ઉતરે એમ ઉતરી જાતું. અપૂર્વ એવી પ્રેમની અનુભૂતિઓ સાથે આ ભવમાં શરૂઆત થઈ. ૪,૬ મહિને એક મુલાકાત થઈ. ત્યારે પૂજ્ય પપ્પાજી મુંબઈમાં અને હું બેંગ્લોરમાં. આવી રીતે મારા આત્માનું કઈ રીતે કલ્યાણ થશે એવા વિચાર આવતા. પછી ધીરે ધીરે પૂજ્યશ્રીએ ખાત્રીઓ અને પ્રતીતિઓ આપી એનાથી વિશ્વાસ થઈ ગયો કે એમના આત્માથી મારા આત્માને માર્ગદર્શન ગમે તેટલા દૂરથી પણ મળ્યા જ કરશે.

જ્યારે મોબાઈલ ન હતા, ઘરમાં એસ.ટી.ડી. પણ ન હતું, ત્યારે પૂજ્યશ્રીને પહેલો પત્ર લખ્યો અને એમાં પહેલી જ લાઈનમાં લખ્યું હતું કે, મને કંઈ નથી આવડતું એટલે મૂંઝવણ થાય છે. ત્યારે પૂજ્યશ્રીનો ચાર જ દિવસમાં જવાબરૂપે પહેલો પત્ર આવ્યો. એમાં એમણે લખ્યું હતું કે જેને કાંઈ ન આવડે એને મુંઝાતા પણ કઈ રીતે આવડે? એ વાંચતાની સાથે હું વિચારમાં પડી. ત્યારે લાગ્યું કે હા! મુંઝાતા આવડે તો બીજું બધું આવડી શકે, ત્યાં મુંઝવણ છૂટી ગઈ. આટલો પોઝીટીવ અને ક્રિએટીવ જવાબ તો ફક્ત પૂજ્યશ્રી જ આપી શકે. આવા ઘણા પ્રસંગ બનતા ગયા અને તેઓ કઈ રીતે અસાધારણ છે, સ્પેશિયલ છે, એક્સ્ટ્રા ઓર્ડીનરી છે એ સમજાતું ગયું.

આજે પૂજ્યશ્રીએ આપણને સહુને

'ઉત્સાહી બનાવ્યા છે. એમના અગણીત ઉપકારો રહ્યાં છે મારા પર. ખબર પણ ન હોય એવી કેટલીયે તો ગુપ્ત સહાયો પૂજ્યશ્રી કર્યા જ કરે છે. એમને સમય સમયના ત્રિવિધ ત્રિવિધ વંદન હો ! વંદન હો !'

આવા અનંત ઉપકારોમાં આ મહા મોટો ઉપકાર છે, પ્રેમ પ્રસાદી છે 'ઉત્સાહી'. પૂજ્યશ્રીની આજ્ઞા પ્રમાણે સવારના ૪.૦૦ થી ૬.૩૦ની વચ્ચે બ્રહ્મ મુહૂર્તમાં જે ઉત્સાહીનો કોર્સ આપવામાં આવ્યો છે તે પ્રમાણે નિયમીતપણે વાંચન કરવાનું છે. પ્રમાદરહિત થવાનો આ મહાપર્વ છે. જેમા ક્ષમાપના, પ્રાયશ્ચિત, પ્રાર્થના સર્વે સમાય છે.

પરમ કૃપાળુદેવની બાહ્ય-અંતરંગ દશા તથા એમના વચન - અમૃતમાં રહેલા આશય સમજવાની ત્રણ મહિના પહેલા આ કોર્સ દ્વારા શરૂઆત કરી. દસ દિવસ પછી મારા શરીરનાં અમુક ભાગમાં કોઈ અજીબ સ્કીનની એલર્જી થઈ. ડોક્ટરના કહેવા પ્રમાણે એક મહિના માટે રોજ રાતે અમુક દવા લેવાની હતી જેનાથી ઉંઘ ખૂબજ આવે અને સવારે ઉઠી જ ન શકાય. ત્રણ દિવસ આમ ચાલ્યું, સવારે ઉઠાયું નહીં. બહુ જ ખેદ થયો અને પૂજ્યશ્રીને ફોન કર્યો અનુમતી લેવા માટે કે આ મહિના પૂરતું વાંચન દિવસમાં થાય તો ચાલે ? ત્યારે એમણે ફોન ઉપાડતા જ પહેલો પ્રશ્ન કર્યો વાંચન કેવું ચાલે છે ? ત્યારે મેં બધી વાત કરી. પણ એમણે કહ્યું કે ના, નહીં જ ચાલે. વાંચન સવારે જ કરવાનું છે. દવા આજથી જ છોડી દે, નથી ખાવાની. ત્યારે મનમાં ખાલી એક વિચાર ફરી ગયો કે દવા વગર કેવી રીતે મેનેજ કરીશ; ત્યાં તરત જ પૂજ્યશ્રીએ કહ્યું કે દવાથી જે થવાનું હતું એ બધું આ વાંચન કરવાથી થઈ રહેશે. તરતજ બધી દવા છોડી દીધી અને જેમ કહ્યું એમ સવારે ૪.૦૦ વાગે ઉઠી વાંચન ચાલું કર્યું. એમ થતું કે ચાલો ચાલો કૃપાળુ દેવને મળવાનો, સમજવાનો, જાણવાનો સમય થઈ ગયો. સહેજે પ્રમાદ ટળ્યો, હોંશે હોંશે વાંચન થવા લાગ્યું. લગભગ છ એક દિવસમાં બધી જ સ્કીન એલર્જી એવી રીતે ગાયબ જ થઈ ગઈ જાણે પહેલા હતી જ નહીં. પૂજ્યશ્રીએ જાણે ઉત્સાહીરૂપ સંજીવની આપી એવું લાગતું. સવારે વાંચન-ચિંતન-મનન કરવાથી જે ગ્રહણ થયું હોય એની આખા દિવસ દરમ્યાન થતી અદ્‌ભુત અસરનો અનુભવ થયો. પૂર્વે કેટલીય વાર એ વાંચ્યું હોય તો પણ આજે જુદી જ રીતે એક એક અક્ષરનું વેદન થાય છે. અપાર શાંતિના સમુદ્રમાં જાણે ડૂબકી મારતા હોઈએ એવું આ સવારના વાંચનથી લાગે છે. કોઈ અપૂર્વ એવી એકાગ્રતા ઉત્પન્ન થઈ લાગે છે. જેટલા આપણા સદ્‌ગુરુને ઓળખીએ એટલા પરમ કૃપાળુદેવ ઓળખાય છે અને જેટલા પરમ કૃપાળુદેવ વધારે ઓળખાય એટલા પાછા સદ્‌ગુરુ ઓળખાય છે, અનુભવાય છે. આખા બ્રહ્માંડમાં કોઈ અપૂર્વ એવી કાંતી ફેલાવી છે પૂજ્યશ્રીએ. એમની આ આજ્ઞાનું પાલન કરતાં ચોક્કસ આશ્ચર્યકારક ફળની પ્રાપ્તિ થશે. પ્રત્યેક વચનમાં પૂજ્યશ્રી એટલે કે એક શુદ્ધ તત્વની હાજરીનું વેદન થાય છે અને કર્મના ઉદયો વખતે ચોક્કસ હાજર થાય જ છે. જાગૃતિપૂર્વક કર્મથી મુક્ત કરાવે છે. આમ આપણા વહાલા પૂજ્યશ્રીએ સત્-કર્મ-ધર્મની રીત સમજાવી છે. અનન્ય પ્રેમે આપણા પરિભ્રમણનો નાશ કરાવ્યો છે. મોક્ષપર્યંત એમના દાસ બની રહીએ એ જ, બસ એ જ ઈચ્છા, અભિલાષા, અભ્યર્થના !

સત્પુરુષનું યોગબળ પ્રવર્તે છે અને જગતનું ચોક્કસ કલ્યાણ કરે છે ! ◆

अपना पराया

किसी होटल के मालिक ने एक लड़के को नौकर रखा। उम्र उसकी अधिक नहीं थी। वह बड़ा भला और भोला था। बहुत ही ईमानदार और मेहनती था। आने-जाने वाला हर व्यक्ति उसकी प्रसंशा किया करता था।

एक दिन की बात। वह लड़का शीशे का गिलास धो रहा था। संयोग से उस दिन एक गिलास उसके हाथ से फिसल गया और फर्श से टकराकर चूर-चूर हो गया। भय के कारण उसके हाथ-पैर कांपने लगे तथा सिर भी चकराने लगा।

मालिक ने जब गिलास के गिरने और टूटने की आवाज सुनी तो दौड़ा हुआ आया एवं लाल-पीला होकर बोला, ''क्यों रे बदमाश! खा-पीकर ज्यादा मोटा ताजा हो जाने से तू दिनोंदिन लापरवाह होता जा रहा है। यह क्या किया तूने?

बेचारा बालक वैसे ही डर रहा था, मालिक की भाव भंगिमा देखकर उसके रहे सहे होश भी गुम हो गये। अपने बचाव के लिए वह कुछ कहने की हिम्मत जुटा ही रहा था कि उससे पहले ही मालिकने एक हाथ से कसकर उसका कान उमेठा और दूसरे हाथ से तड़ातड़ पांच - सात चांटे लगा दिये।

बालक के मुंह से दबी हुई एक चीख निकलने को हुई, पर वह पी गया। और चारा भी तो नहीं था। वह मन ही मन सोचने लगा कि यह काम तो मैं प्रतिदिन ही करता हूँ। मैने जान-बूझकर तो गिलास नहीं तोड़ा है। अब गिलास टूट ही चुका है तो मुझे मारने से वह जुड़ तो नहीं जायेगा? यदि मैं सचमुच ही लापरवाह होता तो रोज ही गिलास तोड़ता आदि बातों को सोचकर वह मौन - पाषाणवत् खड़ा रहा।

मालिक ने दांत पीसते हुए उसे और उसकी सारी जमात को चुन-चुन कर गालियां दी और जी भर कर कोसा। फिर वह ज्योंहि जाने के लिए मुड़ा तो सामने से सेठ का लड़का आ रहा था। पिता के तमतमाए हुए चहेरे को देखकर वह उलटे पैरों लौटने को हुआ कि घबराहट में उसका पैर फिसल गया और वह प्लेटों की अलमारी पर गिरा। कांच की कींमती अनेकों प्लेटे नीचे गिर कर टुकड़े टुकड़े हो गई।

पिता ने दौड़कर अपने उस इकलौते बेटे को उठा लिया और प्यार से उसके सिर पर हाथ फेरते हुए बोला-''बेटे! क्या हुआ तुम्हे? चक्कर आ गया क्या? चोट तो नहीं लगी ना?

प्लेटों के टुकडों की ओर देखते हुए अपने बेटे को सांत्वना देते हुए बोला, ''कोई बात नहीं, ऐसा तो हो ही जाता है। आज नहीं तो कल, कभी न कभी इन्हें टुटना ही था। ऐसी प्लेटें बाजार में बहुत मिल जायेगी।'' इस प्रकार बार बार बेटे के अंग प्रत्यंग को प्यार से सहलाकर देखता रहा कि कहीं कोई खरोंच तो नहीं आई ना?

कुछ ही दूर पर खड़े नौकरने मालिक के चहेरे पर व्याप्त ममता को देखा और अपनी ही उम्र के मालिक के बेटे पर निगाह डाली। अचानक उसको लगा की उसके गालों पर पड़ी चाटों की मार जोर से कसक उठी है और रोकते रोकते भी उसकी आंखो से आंसुओ की कई बूंदे टपक पड़ी।

વિશેષ અહેવાલ

પરમ પૂજ્ય પ્રેમાચાર્યજીના જન્મદિવસની પ્રેમમય ઉજવણી



''બહુ પુણ્ય કેરા પૂંજથી, શુભ દેહ માનવનો મળ્યો...''

આપણને જે મનુષ્યદેહ પ્રાપ્ત થયો છે એને આપણે દુર્લભ માનીએ છીએ, પણ માત્ર શબ્દોથી. જ્યારે જ્ઞાની પુરુષ એ મનુષ્યભવની દુર્લભતાને અનુભવે જાણીને એનો યથાયોગ્ય ઉપયોગ કરી સાર્થક કરી લે છે.

શ્રીમદ્ રાજચંદ્ર આત્મતત્વ રિસર્ચ સેન્ટર, રાજનગર પર્લીના મુમુક્ષુઓના સદ્‌ભાગ્યે એવા જ્ઞાની ભગવાન-પ્રત્યક્ષ સત્પુરુષની ઓળખાણ થઈ છે, જેમણે પોતે તો પ્રાપ્ત મનુષ્યદેહને સાર્થક કરી લીધો છે અને અન્ય મુમુક્ષુઓને પણ પરમાર્થના માર્ગે વાળવામાં નિમિત્ત બન્યા છે. એવા સહુના વહાલા પરમ પૂજ્ય પપ્પાજી (પ.પૂ. પ્રેમાચાર્યજી)ના ૯૧માં જન્મદિવસની ઉજવણી તા. ૩૦-૩૧ ડિસેમ્બર અને ૧ લી જાન્યુઆરી ૨૦૧૯ના સંપન્ન થઈ. આ ત્રણ દિવસમાં અન્ય કાર્યક્રમની સાથે પૂજ્યશ્રીની પરમાર્થ વાણી જાણે એક ધોધરૂપે વહી રહી હતી અને એમાં હાજર સર્વે મુમુક્ષુઓ એને પોતાના હૃદયમાં ઝીલી ધન્યતા અનુભવી રહ્યાં હતાં.

પ્રથમ દિવસે પૂજ્યશ્રીએ મહામુમુક્ષુ શ્રી જુઠાભાઈ ઉપર લખેલ વચનામૃતજીના પત્રાંક - ૫૯નું બાકી રહેલ વિવેચન પૂર્ણ કરી પત્રાંક - ૩૭ ઉપર વિવેચન શરૂ કર્યું. પરમ કૃપાળુદેવે જુઠાભાઈનું આયુષ્ય ઓછું છે પણ અત્યંત પરમાર્થ યોગ્યતા છે એ જાણતા હોવાથી થોડા જ પત્રોમાં આખો મોક્ષમાર્ગ; વ્યવહારીક રીતે દેહથી કઈ જાતનો પુરુષાર્થ કરીને થઈ શકે એ અત્યંત ઝીણવટથી અને સૂક્ષ્મતાપૂર્વક

આપ્યો છે, જેને પૂજ્યશ્રીએ પોતાની વાણી દ્વારા સમજાવ્યો. એમણે કહ્યું કે હું જ જુઠાભાઈ છું અને પરમ કૃપાળુ દેવે આ પત્ર મને જ લખ્યો છે એમ વિચારી આ પત્ર ઉપર વિશેષ પ્રકારે ચિંતન મનન કરવામાં આવશે તો કલ્યાણનું કારણ થશે.

પત્રાંકની શરૂઆતમાં જ પરમ કૃપાળુ દેવે જગતને રૂડું દેખાડવાની જીવની મનોવૃત્તિની વાત કરી છે એને વિસ્તારપૂર્વક સમજાવતાં પૂજ્યશ્રીએ કહ્યું કે જગતને રૂડું દેખાડવું એટલે ભારોભાર હું પણું - અભિમાન છે અને આપણે અનાદિકાળથી આજ સુધી બધા ભવોમાં એજ કર્યું છે અને પરિભ્રમણ વધાર્યું છે. રાગ-દ્વેષ અને બીજા અનેક પ્રકારના ભાવો એ કષાય છે અને નવા કર્મબંધનું પ્રત્યક્ષ કારણ છે. બીજા પ્રત્યે અત્યંત તીવ્ર દ્વેષભાવથી વર્તન થતું હોય, બીજાનો દોષ જોવાતો હોય ત્યાં માત્ર માન પોષાય છે. બીજા લોકો સાથે મતભેદ થાય ત્યારે જતું કરવું એ સહુથી મોટું તપ છે. ત્યારે આ મારા પૂર્વે કરેલા કર્મનો દોષ છે માની કોઈપણ રીએક્શન ન આપવામાં આવે તો નવું કર્મબંધન થતું નથી.

સંસાર એ જ આત્મકલ્યાણ માટે સહુથી મોટો અવરોધ છે. પાંચ ઈન્દ્રિયના ભોગથી થતી સંસારની ક્રિયા મહાબંધનનું કારણ છે. એનાથી છૂટવાનો બળવાન વિચાર અને પ્રેક્ટીસ અત્યારથી કરવામાં આવે તો ત્રણ ચાર ભવે એનું રિઝલ્ટ મળે. જે આકર્ષણનું કારણ છે એ ક્રિયાથી રહિત થઈ શકીએ તો આત્મકલ્યાણનું કારણ થાય. જે ગમે છે એ મોહ છે, એ બંધનનું કારણ છે. જે ગમે છે એ રાગ છે, નથી ગમતું ત્યાં દ્વેષ છે. એટલે કોઈપણ ક્રિયા કરતી વખતે ગમે છે - નથી ગમતું એવા ભાવ ન કરતાં સહજપણે ક્રિયા થવી જોઈએ. જેટલું સહજપણું હોય એટલું આત્માનું ગાઈડન્સ પોતાની રીતે મળતું જાય.

આ કર્મ નથી જોઈતું, નથી જોઈતું એવા ભાવ ચાલવા જોઈએ તો કર્મ એની મેળે રજા લઈને વહ્યું જશે. હું કાલે જ મરવાનો છું એવા ભાવ સાથે બળવાન પુરુષાર્થ થવો જોઈએ. દિવસના ભાગમાં એક કામ પુરું થયા પછી પાંચ-દસ મિનિટ નવરાશ મળતી હોય ત્યારે સ્થિર આસને બેસીને ધ્યાન કરવું. આત્માના વિચાર સિવાય બીજું કાંઈ જોઈતું નથી એ ચિંતવવું. ઊંડા ધ્યાનમાં જવા દેહની અને મનની સ્થિરતા બહુ જરૂરી છે. જે જ્યારે થવાનું છે એ ત્યારે જ થવાનું છે એ નિશ્ચિત છે એટલે સંકલ્પ કરવા નહીં.

જેને આત્મા જોઈતો હોય તેણે એવા પુરુષને ગોતવા જેણે સ્વયં પોતે આત્મા પ્રાપ્ત કર્યો છે. બોધ આપનારની દશા અને ગ્રહણ કરનાર શિષ્યની યોગ્યતા પ્રમાણે આ માર્ગ મળી શકે છે અને આગળ વધી શકાય છે. પૂજ્યશ્રીએ કહ્યું કે આ પત્રના એક એક વચન ઉપર જેટલો ઊંડો વિચાર કરી શકાય એટલે કરવો. પોઝીટીવ ક્રિયેટીવ થીંકીંગ થવું જોઈએ. દશા એક બે ડગલા આગળ વધવી જોઈએ. આમ થતું હોય એ જીવને યોગ્યતા પ્રાપ્ત થાય છે અને જ્ઞાનીના બોધ વચનો મળે છે. પણ જે લોકો સંસારના રસિયા છે એમના માટે જ્ઞાની પોતાનો સમય તો ન જ બગાડે ને!!!

આત્માર્થે ન જાણવા જેવા પદાર્થોને જ જાણ્યા કરતા હોઈએ, એવા પદાર્થો પ્રત્યે રાગ કે મોહ રહ્યા કરતા હોય તો અવશ્ય સંકલ્પ - વિકલ્પનું કારણ થશે જ. જ્યારે સંસારની મોહિનીથી દૂર થવાશે ત્યારે જ સંકલ્પ વિકલ્પથી રહિત થવાશે. સંકલ્પ-વિકલ્પ ટાળવા માટે બળવાન ત્યાગ અને વૈરાગ્ય જોઈએ. ભોગવલિ કર્મનો ઉદય હોય ત્યારે નવા કર્મ ન બંધાય એ માટે ધિક્કાર.. ધિક્કાર.. એમ સખેદ પરમ કૃપાળુ દેવને પ્રાર્થના થવી જોઈએ.

જગત એટલે આપણો પરિવાર, સગા-વ્હાલા એ બધા સાથે આપણને કાંઈપણ લાગતું વળગતું ન હોવા છતાં એમની સાથે તીવ્રપણે જોડાઈને રહીએ છીએ. તેઓ કાંઈપણ કહે કે કરે તો આપણને ખરાબ લાગવું ન જોઈએ. જો કંઈપણ અસર ન થાય તો સંકલ્પ-વિકલ્પનું કારણ પણ નહીં થાય. નજીકના ઋણાનુબંધી સાથે એને ગમે એ રીતે વર્તન થતું હોય, પણ અંદરથી ખાતરી હોય કે હું એક્ટીંગ કરું છું, મારે ને એને કાંઈ લાગતું વળગતું નથી તો બંધન નથી. એમનું ઋણ તો ચુકવવાનું છે એટલે

પ્રેમથી એ ચુકવીને મુક્ત થવાનું છે.


પણ જ્યાં સુધી સત્‌ધર્મની સમજણ નથી ત્યાં સુધી મુક્તિનું કારણ થતું નથી. મહાદુર્લભ એવો મનુષ્યભવ મળે ત્યારે અત્યાર સુધી ન બાંધેલા કર્મો પણ બાંધી લઈએ છીએ. પુણ્ય નામનું કર્મ બાંધીને રાજી થઈએ છીએ એને જ ધર્મ સમજીએ છીએ પણ એ વખતે 'હું પણું' હાજર હોવાથી એ કષાય છે, સત્‌ધર્મ નથી જ. એટલે પુણ્યકર્મ બાંધીએ ત્યારે કર્મબંધનથી રહિત કેવી રીતે થવાય એનો જ વિચાર ચાલવો જોઈએ. એ વખતે કોઈપણ કષાય ન થતાં હોય તો અનુબંધ પણ પુણ્યનો હોય છે. આ બધું ત્યારે જ સંભવિત થાય જ્યારે કોઈ આત્મજ્ઞાની પુરુષના નિકટના સમાગમમાં રહેવાતું હોય અને તત્વની વાતો ઉપર વિચાર થતાં હોય. સાચા જ્ઞાની જાગૃતિપૂર્વક સાચા શિષ્ય પાસે ક્ષાયિક પુરુષાર્થ કરાવડાવે છે.

હવે જ્યારે આપણને સાચા આત્મજ્ઞાનીનો સમાગમ થઈ ગયો છે ત્યારે આપણી ટોપ પ્રાયોરીટી છે ઉદયમાં આવતાં કર્મોની નિર્જરા. ન કરવા જેવું કર્મ ઉદયમાં આવે ત્યારે લોકલાજની પરવા ન કરતાં સમતાભાવે એ કર્મને સહન કરી લેવું. કોઈપણ પ્રકારે 'હું કરું' એ ભાવથી મારી કોઈ ક્રિયા થવી ન જોઈએ. એ માટે આરંભ અને પરિગ્રહ છોડવાના છે. કારણ કે જ્યાં સુધી આરંભ અને પરિગ્રહ હોય ત્યાં સુધી ત્યાગ અને વૈરાગ્ય સંભવિત નથી.

પૂ. જુઠાભાઈ ઉપરના આ પત્રના વિવેચન દરમિયાન પૂજયશ્રીએ સહુને પુરુષાર્થની અનેક રીતો બતાવીને મહા ઉપકાર કર્યો.

આ ઉપરાંત પૂજ્ય નિલેશભાઈએ પણ ક્ષમાપના ઉપરનું પોતાનું વિવેચન આગળ વધાર્યું. તેમણે કહ્યું કે પરમ કૃપાળુ દેવે આપેલ ક્ષમાપનાના પાઠમાં ૧૪ ગુણસ્થાનક સમાયેલા છે. જેમ જેમ જીવ ભગવાનને સમજતો થાય, ઓળખતો થાય એમ એક પછી એક ગુણસ્થાનક ચઢતો જાય છે. આ ક્ષમાપનાને માત્ર શબ્દો રૂપે ન બોલતા, સમજીને હૃદયપૂર્વક કરવામાં આવશે તો જેટલી ભૂલો થયેલી છે એનો ચોક્કસ ક્ષય થઈ એ નિર્જરા પામશે.

ઉત્તમ શીલનો તાત્વિક અર્થ સમજાવતાં તેમણે કહ્યું કે આત્મા પોતાના સ્વભાવમાં સ્થિર થાય એ માટે જે જે કરવામાં આવે એ ઉત્તમ શીલ છે. વિષય



અને કષાયોનો જડમૂળથી નાશ કરી ઈન્દ્રિયોનો સંયમ લાવવો એ શીલ છે. આવું ઉત્તમ શીલ લાવવા માટે જેમ મરઘી પોતાના ઈંડાનું સેવન કરે છે અને બચ્ચાને જન્મ આપે છે એ રીતે સત્પુરુષના વચનનું એ રીતે ગૂઢ ચિંતન-મનન કરવાનું છે કે એ આત્મસાત થઈ પરમ કૃપાળુદેવનો આશય સમજી શકાય. જ્યારે આત્માના પ્રદેશ પર કર્મનું એકપણ રજકણ બાકી નથી રહેતું તે ઉત્તમ શીલ છે અને આવું ઉત્તમ શીલ પ્રત્યક્ષ જ્ઞાનીની બાહ્ય ચેષ્ટાનું અવલોકન કરતાં દ્રષ્ટિગોચર થાય છે.

આ સમાગમ ઉપરાંત રાજનગર સ્થિત શાળાના બાળકોનો એન્યુઅલ ડે ઉજવવામાં આવ્યો હતો જેમાં નાના મોટા સર્વે ધોરણના વિદ્યાર્થીઓએ તેમને શીખવાડવામાં આવેલી વિવિધ પ્રવૃત્તિઓ પોતાની કળા દ્વારા અભિનીત કરી હતી. જે રીતે તેઓ વિવિધ પ્રદર્શન કરતાં હતાં એ જોઈને સર્વેએ તાળીઓના ગડગડાટથી એમને વધાવી લીધા હતાં. એમને જોઈને પૂજ્યશ્રીએ તો એમ પણ કહ્યું કે આ બાળકોએ એટલી હોંશિયારી મેળવી છે કે ભવિષ્યમાં આમાનો કોઈ બાળક જો ભારતનો નેતા બને તો નવાઈ ન પામતા.

આ સિવાય એક દિવસ સ્પિરીચ્યુઅલ ક્લિનીકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉત્સાહી કોર્સમાં આપેલ પુસ્તકો ઉપર વાંચન કરવાની વિવિધ ટીપ્સ આપવામાં આવી. સર્વેને એમાંથી પ્રેરણાબળ મળ્યું અને ઉત્સાહ વધ્યો.

તા. ૩૧ મી ડિસેમ્બરની રાત એક અનેરો આનંદ અને ઉત્સાહ લઈને આવી હતી. પૂજ્યશ્રીના જન્મ દિવસની ઉજવણીના ઉપલક્ષે સંસ્થાની 'સ્પર્શ ઈન્ટરનેશનલ' ભક્તિ ટીમ દ્વારા, પૂજ્યશ્રીને ગમતાં જૂના હિંદી ગીતોની એક રેટ્રો નાઈટનું આયોજન થયું હતું. કલાકંદની પ્રસાદી અને નાસ્તો આરોગીને પૂજ્યશ્રીના જન્મદિવસ અને નૂતન વર્ષને સર્વેએ ઉત્સાહપૂર્વક આવકાર્યો અને પ્રબળ પુરુષાર્થી બનવાનો નિર્ધાર કરી છૂટા પડ્યા.



જીવન ઝરમર

(ગતાંકથી ચાલુ..)

વિશાળ હૃદયઃ-

એક વખત હું પૂ. માને ત્યાં ગઈ હતી, ત્યાં ઘરમાંથી કોઈએ આવી માને વાત કરી કે મા, રસોઈવાળી બાઈ દૂધનો લોટો ભરી ઘેર લઈ ગઈ.

ત્યારે પૂ. માએ કહ્યું, બેટા! જેમ આપણા બાળકને આપણે આપીએ તેમ એને પણ પોતાના બાળકને પાવું હોયને! આપણે મનમાં ન લાવવું જોઈએ. ગરીબ માણસ ક્યાંથી લઈને પાય? બિચારી ભલે લઈ ગઈ.

બે ચાર દિવસ બાદ વળી ફરિયાદ આવી. મા કામવાળી કપડાં ધોવા ગઈ તે સાબુનો મોટો ગોટો લઈ ગઈ હતી તે પાછી લાવી નથી.

પૂ. માએ શાંતિથી કહ્યું કે બેટા, આપણા કપડાં ધુએ અને પોતાના મેલા કેમ રાખે? તેના બાળકોના પણ ધોવાના તો હોય જ, તો પછી આવો વિચાર આપણે કરીએ તે સારું ન લાગે...

દુઃખ વખતે ધીરજઃ-

પૂ. બાપુજીના દેહત્યાગ પછી અમો બે બેનો પૂજ્ય મા પાસે ગયા, ત્યારે મારી સાથેના માજીએ ખૂબ દુઃખ વ્યક્ત કર્યું કે, કુંવર, તારે માથે તો દુઃખના ડુંગર તૂટી પડ્યા અને રડવા બેઠા.

ત્યારે માએ શાંતિથી કહ્યું, ''એક મારે માથે જ નહીં પણ આવો પ્રસંગ ઘણાને આવે છે. મને તો એમાં કાંઈ દુઃખ જ નથી. તેઓ હતા ત્યાં સુધીમાં કોઈ દિવસ મને દુઃખી કરી નથી. મેં તેમને જરાપણ દુભવ્યા નથી. તેઓ કોઈ ખરાબ કામ કરી ગયા નથી કે જે સંભારી દુઃખ થાય. બાકી સંયોગ વિયોગ તો બને જ. તેઓ ગયા અને આપણને ચેતવી ગયા છે કે બધાને આમજ એક દિવસ જવાનું છે.''

પેલા માજી એકદમ બોલી ઉઠ્યા, ''ધન્ય છે કુંવર, તને ધન્ય છે. તે ખરેખરો ધર્મ જાણ્યો અને કુળને દીપાવ્યું તે સાચુ જીવી જાણ્યું.''

અદ્‌ભુત અનુકંપાઃ-

ભુજપુરનો પ્રસંગ છે. રસોયાએ ચોરી કરી હતી મુદ્દામાલ સાથે પકડાયો.

પૂ. માને કોર્ટમાં બોલાવી પૂછવામાં આવ્યું, ''આ માલ તમારો છે? તમારો માણસ આ માલ સાથે પકડાયો છે.''

પૂ. માએ કહ્યું, ''એ બધું એને જરૂરી હોવાથી આપ્યું છે. એને ઘરમાંથી જોઈતું લેવાની મારી રજા છે. માટે તેને છોડી મૂકો''

પછી ઘેર આવી પેલાને બોલાવ્યો અને ઠપકો આપ્યો કે આવું કામ કેમ કર્યું? તારે જરૂર હતી તો માગી લેવું હતું, ફરી આવું ન કરતો.

અંતર્યામીપણુંઃ-

ત્યારે હું વવાણિયા રહી નિવૃત્ત જીવન ગાળતો

હતો. મુંબઈથી પુત્રનો કાગળ આવતાં મુંબઈ જવાનું નક્કી કરી, સામાન બાંધી ગાડામાં દહીંસરા આવ્યો. મેં આ બાબત પૂ. માને પત્ર લખ્યો હતો કે હું મુંબઈ આવું છું.

દહીંસરા સ્ટેશને ટીકીટ લેવા જતાં મને સહેજ વિચાર આવ્યો કે મારી ટપાલ હોય તો જોઉં. જોયું તો પૂ. માનો જ પત્ર. તરત જ વાંચ્યો તો ખાસ લખ્યું હતું કે હમણાં મુંબઈ ન આવતા, બધું નભી જશે. અહીં વવાણિયા જેવી શાંતિ નહીં મળે.

મને પૂ. માની આજ્ઞાનું પહેલેથી જ મહત્વ તેથી પાછો ફર્યો. ઘર ઉઘાડતાં જ બે કબુતર અને એના બે બચ્ચાં પુરાઈ રહ્યા હતા. તે ફફડાટ કરતાં ઉડ્યા. મારા હર્ષનો પાર ન હતો.

જો માના વચને પાછો ન ફર્યો હોત તો ચાર જીવની શું દશા થાત ? તે વિચારતાં દુઃખ થયું.

અહો તેમનું અંતર્યામીપણું !

શુદ્ધ ભાવથી આરાધન તે કલ્યાણરૂપઃ-

એક વખત પૂ. મા એ મને નવકાર મંત્ર બોલવાનું કહ્યું. મને થયું એમાં શું બોલવું ? એ તો બધાને બરાબર આવડે. પછી હું માની સામે જોઈ બોલી ગઈ. પૂ. માએ કહ્યું આવી રીતે ન બોલાય.

નમસ્કાર મંત્ર બોલીએ અને શરીરથી અને મનથી નમસ્કાર ન કરીએ તો એ નવકાર કેમ લેખે લાગ્યો કહેવાય ? નવકાર એ મહામંત્ર છે. જો શુદ્ધ ભાવથી તેનું આરાધન થાય તો જીવનું કલ્યાણ થઈ જાય.

સત્સંગનું મહાત્મ્યઃ-

એક દિવસ સાંજના પાંચ વાગે માધવ કુંજમાં અમો બેઠા હતા. સામે ફૂલના ઝાડ હતા ત્યારે પૂ. માએ કહયું કે, આ ફૂલ છે તેને રોજ પાણી જોઈએ છે, નહીં તો તે સૂકાઈ જાય.

જેમ લીમડાના ઝાડ નાના હોય ત્યારે વાડ જોઈએ તેમ આપણા આત્માના રક્ષણ માટે નવ વાડ જોઈએ. પછી જ્યારે ઝાડ મોટું થાય ત્યારે મૂળીયામાંથી પાણી લાવે. પછી વાડની જરૂર પડતી નથી. તેમ જે સત્સંગ કરીને પ્રભુના ધ્યાનમાં મસ્ત રહે તેને પોતાની મેળે હૃદયમાંથી આત્માની જાગૃતિ થાય. પણ આપણે હજી કોમળ હૃદયના છીએ માટે દરરોજ સત્સંગરૂપ પાણીની જરૂર છે.

સ્વ ઘરમાં શાંતિ - પર ઘરમાં અશાંતિઃ-

એક વખત બહાર ગઈ હતી. ત્યાંથી ઘેર આવી ત્યારે એમ થયું કે હવે શાંતિ થઈ. પછી મા પાસે ગઈ ત્યારે સહેજ કહ્યું કે, ગમે ત્યાં જઈએ પણ ઘર જેવી શાંતિ ન મળે.

પૂ. મા એ સાંભળતા બોલ્યા કે આ ઘર નાશવંત છે છતાં ગમે તે સ્થળે ગયા હોઈએ તો પણ સાંભરે છે અને ઘેર આવતાં જ શાંતિ મળે છે તો શાશ્વત ઘર મળે તો કેટલી શાંતિ થાય !

એ શાશ્વતું ઘર મોક્ષ છે કે જ્યાં જવાથી સંપૂર્ણ શાંતિ અને આનંદ મળે. ગમે તેટલું ફરી ફરીને થાકીને પણ છેવટે ઘેર આવ્યે જ છૂટકો. તેમ ગમે તેટલું સંસાર પરિભ્રમણ કરીને પણ છેવટે તો એ શાશ્વત મોક્ષ વિના શાંતિ નથી. એજ સાચું ઘર છે.

પછી કહ્યું, આ ઘર તે જોયું છે એટલે તારે ઘેરથી નીકળી સીધી આ ઘરે મારી પાસે આવતાં તને મુશ્કેલી નથી થતી. તે જ પ્રમાણે એ ''શાશ્વત ઘેર'' જવાનો માર્ગ પણ બરાબર જાણવો જોઈએ. જાણ્યા વિના શી રીતે જવાય ? તે માટે ભોમિયાની જરૂર છે. તે મળી જાય તો સીધું પહોંચી જવાય.

ભૂલી જવાથી મુશ્કેલી - તુચ્છ પ્રસંગમાંથી પરમાર્થતાઃ-

કચ્છમાં, વડાલા ગામમાં અમો હતા. તે અરસામાં મા શ્રી ભદ્રેશ્વર તીર્થક્ષેત્રે પધાર્યા.

પૂ. મા એ મા'રાજ તથા બીજા એક ને વડાલા મને બોલાવવા મોકલ્યા. મા મારું નામ ભૂલી ગયા હતા. તેથી એ લોકોને શોધતાં ખૂબ મુશ્કેલી પડી અને ઘણું ફરવું પડ્યું. તેઓ આવીને પૂ. માના સમાચાર આપી ગયા.

અમો બીજે જ દિવસે પૂ. મા પાસે ગયા ત્યારે માએ બધાને બેસાડીને કહ્યું કે સહેજે એક નામ ભૂલી જવાથી આટલી મુશ્કેલી પડી તો પ્રભુનું નામ ભુલશો તો કેટલી મુશ્કેલી પડશે ? કેટલું રખડવું પડશે ? માટે બહુ ખ્યાલ રાખજો.

બધું ભૂલાય પણ પરમ કૃપાળુ દેવને ન જ ભૂલાય.

કેટલા દિવસ સંસારમાં બેસવું છે ?

એક વખત એક વૃદ્ધ સંબંધી માને મળવા આવ્યા. માએ પૂછ્યું, ક્યાં હતા ? તેઓ બોલ્યા કે સગપણ કરવા ગયો હતો. માએ કહ્યું કે હવે આ ઉંમરે આવી ઉપાધિ શા માટે ? તેના માતાપિતા બધા છે. ન હોય તો જૂદી વાત.

ત્યારે ભાઈ બોલ્યા, શું કરીએ, સંસારમાં બેઠા છીએ. પૂજ્ય માએ કહ્યું, હવે એંસી તો વટાવ્યા. હવે કેટલાં દી સંસારમાં બેસવું છે ?

પછી ભાઈ જમી પરવારીને ગયા. માએ તેઓ ગયા બાદ મને કહ્યું, સંસારમાં બેસવાની ભાવના રાખી હોય તો ક્યાંથી છૂટાય ? સંસારમાં બેઠા છીએ એ વચન જ ન નીકળવું જોઈએ.

શાંતિ સમભાવ કેળવવાંઃ-

એક વખત બધા જમીને ઉઠ્યા ત્યાં પાટલા પડ્યા હતા. મેં રામાને કહ્યું કે ઉપાડી લે. પણ તે કામમાં હશે તેથી ન ઉપાડ્યા. ત્રીજીવાર જરા ગુસ્સાથી કહ્યું કે ક્યારનો કેમ ઉપાડતો નથી ?

મા સામે જ ખાટલા પર બેઠા હતા. તરત ઊભા થઈ પાટલા ઉપાડવા લાગ્યા. હું આવીને કહેવા લાગી, મા ! તમે રહેવા દો હું ઉપાડીશ.

માએ કહ્યું, બેટા હું તો બેઠી છું. રામો કામમાં હશે. મેં કહ્યું હું ઉપાડીશ, મને કંઈ જ કામ નથી. પૂ. મા તદ્દન શાંતિથી બોલ્યા, તને તો ઘણાં કામ હશે. નહીંતર ક્યારની બૂમાબૂમ ન કરત અને જરૂર ઉપાડત. હું એકદમ શરમાઈ ગઈ. ગુસ્સો કર્યો તેથી પસ્તાવો થયો. પછી સમજાવ્યું કે જરૂર વિના કોઈને હુકમ કરવા નહીં. શાંતિ સમભાવ કેળવવો.

જ્ઞાનીને આત્માનું મહાત્મ્ય, અજ્ઞાનીને જડની કિંમતઃ-

એક વખત કાનમાંથી હીરાયુ પડી ગયું. હું તો એકદમ ગભરાઈ ગઈ. મારે મન હીરો એટલે કિંમતી વસ્તુ. શોધતાં મળ્યું નહીં એટલે પૂ. માને કહ્યું કે મા, મારા કાનમાંથી હીરાયું પડી ગયું. વાત કરતાં મારી આંખમાં પાણી આવી ગયા.

પણ માને મન હીરાની શું કિંમત ? તરત જ બોલ્યા, બેટા, હીરાયુ ખોવાણું પણ તું નથી ખોવાણીને ? રડવા જેવું શું છે ? પણ હું શું સમજું કે માએ શું કહ્યું મને તો હીરાની જ ચિંતા.

પરંતુ જ્ઞાનીને આત્મા ખોવાણો છે તેની ચિંતા કે બિચારી હીરા માટે રડીને કર્મ બાંધે છે. પણ આત્મા ખોવાણો છે તેની ખબર પણ નથી. આવી છે અજ્ઞાન દશા.

(ક્રમશઃ)

हे विरह! तू तो प्रेम की अनुभूति है

हे विरह! तू तो प्रेम की अनुभूति है।

हे विरह! तू तो प्रभु के साथ होने की कृति है,
विरह दर्द नही आनंद मे रहने की गति है।

विरह तो तेरी भक्ति करने की इस जीव की सम्मति है।
विरह तो प्रभु मिलन की चाह की सच्ची जागृति है।

जिसे मैंने दु:ख का कारण समझा वही मेरी अबतक की प्रगति है,
विरह तेरे कारण ही इस दिल ने मांगी प्रभु से अचलरूप आसक्ति है।

हे विरह! तू ही तो है जिससे मैंने प्रभु से प्रेम रतन धन पाया,
हे विरह! तू ही तो है, जिसके सहारे प्रभु ने स्वयं को पाने का लक्ष्य है जगाया।

हे विरह! मैंने तुम्हें हमेशा बुरा जाना, पर आज सबसे ज्यादा तुम पर ही प्यार आया,
तेरे साथ रहते रहते ही मिला है प्रभु प्रेम का घना साया।

आज हे विरह! तू मुझे इतना भाया कि तेरे साथ जीने को यह मन ललचाया,
हे विरह! तूने ही तो मुझसे प्रभु मिलन का गाढ बंधन है करवाया।

सचमे विरह तूने तो इस नादान से सच्ची दोस्ती का रिश्ता है निभाया,
तुझे मैंने विलेन समझा पर तू ही हीरो बन सामने है आया।

प्रभु ने बोध से समझाने की बहुत कोशिश की पर इस अज्ञानी को समझ न आया,
इसीलिए आज कृपा की बारिश कर उन्होंने थोड़ा अनुभव है करवाया।

अहो! अहो! श्री सदगुरु यह इस रुह ने फिर एक बार है गाया।

■ स्मिता बोरुंदिया

California Retreat 2018

Spirituality is not just about religion. It is about the connection one feels with self and with the world as a whole. It is common to find oneself drifting away from that feeling of soul and spirit. Spiritual Retreats are designed to bring you back to the feeling of soul. California mumukshus got an opportunity to enjoy a 3 day Spiritual Retreat at Norco, California led by Premal & Darshi Doshi and Pritesh & Amee Vora.

This year's Retreat was unique as mumukshus were divided into 4 teams competing against each other to display their parmarth prowess, with, team spirit, leadership, and patience. Each team was given to read about one of ParamKrupalu Dev's BhaktRatna (Brahmchariji, Sobhagbhai, Prabhushriji, and Ambalalbhai) and prepare their presentation enumerating their life and spiritual journey in 25 minutes. It was an exciting assignment and the teams used different mediums like: powerpoint, skit, talk show and narration to present their information and the things that touched them from their assigned Bhakta Ratna's life. In addition to this, there were several graded team building exercises like coming with an emblem for each team, participating in outdoor fun games, including helping out with set up and cleanup of each lunch/dinner session ensuring everyone's participation.

Additionally, Premal Doshi talked about "Vairagya ni Sadhana" breaking down the concept of vairagya, upsham, tyaag, sham, samveg, samta, and cycle of kashay through easy to understand day to day




examples from daily life. He discussed the reasons why Gyani has given the bodh of vairagya, updeshbodh and siddhantbodh, lack of eligibility (yogyata) without vairagya, role of tyaag in upsham and vairagya and emphasized on how vairagya is the true essence of dharm/ religion.



A 2 hour facetime with Param Pujya Premacharyaji was the highlight of this Retreat. He answered questions posed by mumukshus very patiently and gave several tips including what yogyata is and how to attain it. Pujyashree told us yogyata (eligibility) appears when one develops immense devotion (atoot Shraddha) and starts contemplating (chintanmanan) on Gyani's vachans. And once one develops atoot Shraddha, then that jeev will have the yogyata (eligibility) to understand and absorb what is beneficial for the development of soul even if the Gyani talks something about sansaar. He also talked about Mission 2020 and encouraged mumukshus to double their efforts to contribute to the growth of Ashram. Mumukshus felt this Spiritual Retreat was not only an extension of daily spiritual activities, but was also temporarily leaving behind the usual distractions that all face every day. It was also an effort to allow relaxation and called for an inner change to occur: the ongoing conversion of heart that is critical to deepening faith.



RIYF December Shibir



''પુરુષાર્થ એટલે કરવાનો છે કે પુરુષાર્થ કરવો ન પડે''. આ સહજતા પ્રગટ કરવાનું કાર્ય રિસર્ચ સેન્ટરમાં યોજાયેલી શિબિરોથી શરૂ થાય છે.

RIYF ની તા. ૨૪ થી ૨૮ ડિસેમ્બરની શિબિરમાં કુલ ૧૨૦ મુમુક્ષુઓએ સહર્ષ ભાગ લીધેલ. શિબિરમાં રજીસ્ટર કર્યા પછી પુરુષાર્થી બનવાના ધ્યેયને જીવંત રાખવાનું નિમિત્ત સંચાલકોએ બહુજ સુંદર રીતે ટાસ્કનાં માધ્યમથી આપ્યું.

વોટ્સએપ દ્વારા ટાસ્ક મોકલવામાં આવેલ અને દરેક યંગસ્ટરે પોતાની રોજિંદી જિંદગીમાં એ ટાસ્કને પ્રયોજવાનું હતું. ૩ દિવસ બાદ નવો ટાસ્ક વોટ્સએપથી માંગવાનું અને આમ પુરુષાર્થની કડી જોડીને રાખવામાં આવી. ટાસ્ક આ પ્રમાણે હતા:

૧. સત્ય બોલવું પણ કરૂણામય બોલવું.

૨. પ્રત્યેક પ્રકારના પ્રમાદને દૂર કરવો. (ઈન્ટરનેટ, ફેસબુક, વોટ્સએપ)

૩. તારા નિયમનું મંડન કરું.

૪. માતા-પિતા, સાસુ-સસરા સાથે સમય વ્યતિત કરવો અને મુક્તિ વાટે ચઢાવું.

ત્યારબાદ એક દિવસ પૂજ્ય શ્રી બ્રહ્મચારીજીની પ્રેરણા લઈ સવારના ૪ વાગ્યાથી વાંચન, ભક્તિ, નિત્યક્રમનો ક્રમ ગોઠવાયો હતો. તે દિવસે રિસર્ચ સેન્ટરમાં પરમ કૃપાળુ દેવના દરેક ચિત્રપટની વંદના સમૂહમાં કરવામાં આવી.

પૂજ્યશ્રીએ પણ અલૌકિક દર્શન આપ્યા અને આખું રિસર્ચ સેન્ટર ''થાઓ મારા નમન તમને, દુ:ખ ને કાપનારા'' એ સ્તવનથી ગૂંજી ઉઠ્યું.

એ સ્તવનની સાર્થકતાના પ્રતિક રૂપે, તપાવી દે તેવો સૂર્ય પણ તે સમયે વાદળમાં ઢંકાઈ ગયો હતો. તે દિવસે બધાએ શક્તિ મુજબ એકાસણું અથવા બેઆસણું અને મીઠા વગરનું ભોજન કર્યું. સ્નાનનો બાધ

કર્યો. મૌન, મંત્ર-માળા, વાંચનમાં સમય ગાળ્યો.

દિશાબેન દોશીએ ૨ વર્ષથી વધુ નિયમીત સત્સંગ કરતા મુમુક્ષુઓને વાંચનમાં બહુજ સુંદર રીતે જ્ઞાનીના ભાવો અને આપણા ભાવોમાં કેટલો તફાવત છે એની ઓળખાણ કરાવી. એ ભાવોના અંતરને દૂર કરવા કેવી પ્રાર્થના અને વિનંતી કરવી, એનું ઉત્તમ મહાત્મ્ય અને તેનું કેવી રીતે અવલોકન કરવું તેના રહસ્યો સમજાવ્યા. બધા મુમુક્ષુને પુરુષાર્થ માટે ખૂબ ખૂબ બળ મળ્યું.

માર્ગમાં ૨ વર્ષથી ઓછા સમયથી જોડાયેલાને મમતાબેન વોરાએ મર્મસ્પર્શી વચનો દ્વારા રિસર્ચ સેન્ટર પહોંચી, શિબિરમાં જોડાઈને શું પ્રાપ્ત કરવું છે એનો લક્ષ બંધાવ્યો. થોડાક યંગસ્ટરોએ ટાસ્ક પૂર્ણ કરવાનો અનુભવ બધા સાથે શેર કર્યો.

કોઈપણ સિનેમા રીલીઝ થાય તેની પહેલા તેના ગીતો બહાર પાડવામાં આવે છે અને અમુક કલાકોમાં આપણને સૌને તે ગીતોના શબ્દ મોઢે થઈ જાય છે. એ મહાત્મ્ય અને રૂચીનું પ્રમાણ છે. તેવી જ રીતે પરમ કૃપાળુ દેવના રચેલા પદોનો મહિમાં અને તેમના કહેલા તત્વમાં રૂચી જગાડવા બધાને જ પદો મુખપાઠ કરવાનું ટાસ્ક આપવામાં આવ્યું. આ ટાસ્કને બધાએ ઉલ્લાસથી પૂર્ણ કર્યો અને પદોના અર્થને યર્થાથ રીતે સમજવાનો પ્રણ લીધો.

પરમ પૂજ્ય પ્રેમાચાર્યજીએ પત્ર ૭૬, ૫૭, ૫૯ અને ૨૬૨નું અદ્‌ભુત વિવેચન કરી સર્વને પુલકિત કર્યા. પત્ર ૭૬ સમજાવતા પૂજ્યશ્રીએ જણાવ્યું કે સત્પુરુષને નાનપણથી કરેલા અત્યાર સુધીના સર્વભાવ અર્પણ કરી દીધા પછી એ ભાવો આપણે વાપરી ન શકીએ, અર્થાત એ સર્વ કષાયો અને અન્ય ભાવોને વિસરાવવું એ આપણું કર્તવ્ય છે.

પત્ર ૫૭ માં ૪ અનુપ્રેક્ષાને નિરંતર ભાવવી એવો બોધ આપ્યો. જ્યારે જ્યારે કોઈના દોષ જોવામાં આવે છે, ત્યારે નક્કી માનવું કે અંતરંગમાં પોતાના ગુણોનું અભિમાન આપણે સેવીએ છીએ. જગતના પ્રતિબંધથી મુક્ત થવાનું રહસ્ય પૂજ્યશ્રીએ કૃપા કરી અમ સર્વને આપ્યું.

પૂજ્ય નિલેશભાઈએ મોક્ષમાળા શિક્ષાપાઠ ૧૬ 'ખરી મહત્તા' એવી રીતે સમજાવી જે આજની યુવા પેઢીને તરત ગળે ઉતરી જાય. કેવી રીતે ગુણો ઉત્પન્ન કરી માર્ગમાં અગ્રેસર થવું તેના ઉપાય બતાવ્યા. જે પ્રશ્નો મુલવતા હતા તેનો સચોટ ઉત્તર 'શંકા સમાધાન'ના સેશનમાં સર્વને મળ્યો.

દરરોજ ભક્તિ અને નિબંધ વાંચન પછી સેશનની શરૂઆત થતી. શિબિરના શિડ્યુલમાં પરમ કૃપાળુ દેવના ભક્તોની દીનચર્યાના અંશો ગૂંથવામાં આવ્યા હતા. જેમ અંબાલાલ ભાઈ પરમ કૃપાળુદેવ માટે રસોઈ બનાવતા, તેમ તે યોગ્ય બનવા, રસોઈની અમુક વાનગીઓ મીતાબેન હેમાણી અને જયશ્રીબેન દોશીએ કુશળતાપૂર્વક શિખડાવી અને કેવી રીતે પીરસવું તેની માહિતી પણ આપી.

આ સિવાય સેલ્ફ ટ્રાન્સફોરમેશન, ગુણોની ખીલવણી, ઉપાદાનની તૈયારી, આત્મવિશ્વાસમાં ઉજ્જવળતા લાવવાની રીતો બતાવી. વિડિયો, એક્ટિવિટી અને રમત-ગમતથી ગહન એવી વાતો તેમણે સરળતાથી હૃદયમાં બેસાડી દીધી.

આ ઉપરાંત એક ટોક શોનું આયોજન કરવામાં આવેલું જેમાં પૂજ્યશ્રી સાથે નિકટ સમાગમમાં રહેતાં એવા હિતેનભાઈ ઠક્કર અને પૂર્વીબેન દવેને પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. આનાથી ભક્તિની જુદી જુદી રીત સમજવા મળી.

આ ઉપરાંત કલ્ચરલ નાઈટમાં શાયરી, પદો, ગીતો, નાટક અને નૃત્ય દ્વારા પોતાના ભાવ અને પ્રેમ પ્રગટ કરવાનો અવસર સૌને મળ્યો.

સ્વઅર્થસેશુભઆરંભ-આશિબિરનોધ્યેયઅનેનામ બન્ને છે. પૂજ્યશ્રીએ અત્યંત કૃપા કરી જણાવ્યું કે વાંચનમાં આપેલા બોધને એકાંતમાં બેસીને ૨ કલાક તેના ઉપર વિચાર કરવાથી દશા વધવાનું કારણ થશે. ખૂબ જાણકારી ભેગી કરવા કરતાં જે વાંચનમાં કહ્યું છે તેને રજીસ્ટર કરવા સ્વ અર્થે સમય ગાળવો. આપણે સૌ આ પ્રમાણે કરીએ એવી શુભ ભાવના.

સમાધિ મરણ

■ **પૂ. ભોગીલાલ ગિ. શેઠ** (પરમ પૂજ્ય બાપુજી)

સદુપદેશ વચનો:

''વચનામૃત વીતરાગનાં, પરમ શાંતરસ મૂળ;
ઔષધ જે ભવરોગના, કાયર ને પ્રતિકુળ,
મંત્ર તંત્ર ઔષધ નહીં, જેથી પાપ પલાય;
વીતરાગવાણી વિના, અવર ન કોઈ ઉપાય.
જ્ઞાની કે અજ્ઞાની જન, સુખ દુ:ખ રહિત ન કોય;
જ્ઞાની વેદે ધૈર્યથી, અજ્ઞાની વેદે રોય.
નથી ધર્યો દેહ વિષય વધારવા;
નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા.''

''હે જીવ! આ ક્લેશરૂપ સંસાર થકી વિરામ પામ, વિરામ પામ. કાંઈક વિચાર, પ્રમાદ છોડી જાગ્રત થા, જાગ્રત થા, નહીં તો રત્નચિંતામણિ સમાન આ મનુષ્ય દેહ નિષ્ફળ જશે'' (૫૦૫)

''હે જીવ! અનંતવાર દેહને અર્થે આત્મા ગાળ્યો છે. જે દેહ આત્માને અર્થે ગળાશે તે દેહે આત્મવિચાર જન્મ પામવા યોગ્ય જાણી, સર્વ દેહાર્થની કલ્પના છોડી દઈ, એક માત્ર આત્માર્થમાં જ તેનો ઉપયોગ કરવો, એવો મુમુક્ષુ જીવને અવશ્ય નિશ્ચય જોઈએ.'' (૭૧૯)

હે જીવ! ''જગતને રૂડું દેખાડવા અનંતવાર પ્રયત્ન કર્યું; તેથી રૂડું થયું નથી. કેમકે પરિભ્રમણ અને પરિભ્રમણના હેતુઓ હજુ પ્રત્યક્ષ રહ્યાં છે. એક ભવ જો આત્માનું રૂડું થાય તેમ વ્યતીત કરવામાં જશે, તો અનંત ભવનું સાટું વળી રહેશે.'' એમ તું નિશ્ચયથી જાણ. (૩૭)

હે જીવ! ''એક ભવના થોડા સુખ માટે અનંતભવનું અનંત દુ:ખ નહીં વધારવાનો પ્રયત્ન સત્પુરુષો કરે છે.'' આ ભાવને તું તારા અંતરમાં પ્રીતિપૂર્વક ઘૂંટ. (૪૭)

વળી હે જીવ, ''સંસાર કેવળ અશાતામય છે. કોઈપણ પ્રાણીને અલ્પ પણ શાતા છે, તે પણ સત્પુરુષનો જ અનુગ્રહ છે, કોઈપણ પ્રકારના પુણ્ય વિના શાતાની પ્રાપ્તિ નથી; અને એ પુણ્ય પણ સત્પુરુષના ઉપદેશ વિના કોઈએ જાણ્યું નથી; ઘણે કાળે ઉપદેશેલું તે પુણ્ય રૂઢીને આધીન થઈ પ્રવર્તે છે, તેથી જાણે તે ગ્રંથાદિકથી પ્રાપ્ત થયેલું લાગે છે. પણ તેનું મૂળ એક સત્પુરુષ જ છે.'' માટે એમ જાણ કે, ''એક અંશ શાતાથી કરીને પૂર્ણ કામતા સુધીની સર્વ સમાધિ તેનું સત્પુરુષ જ કારણ છે.'' (૨૧૩)

હે ભવ્ય! ''આ દેહે કરવા યોગ્ય કાર્ય તો એક જ છે કે કોઈ પ્રત્યે રાગ અથવા કોઈ પ્રત્યે કિંચિત માત્ર દ્વેષ ન રહે. સર્વત્ર સમદશા વર્તે એજ કલ્યાણનો મુખ્ય નિશ્ચય છે.'' (૭૮૦)

''જેણે ત્રણે કાળને વિશે દેહાદિથી પોતાનો કંઈ પણ સંબંધ નહોતો એવી અસંગદશા ઉત્પન્ન કરી તે ભગવાનરૂપ સત્પુરુષોને નમસ્કાર છે.'' (૭૭૯)

દેહવ્યાધિ, પીડા વેળાએ:

''યથાર્થ જોઈએ તો શરીર એજ વેદનાની મૂર્તિ છે. સમયે સમયે જીવ તે દ્વારા એ વેદના જ વેદે છે. કવચિત શાતા અને પ્રાયે અશાતા જ વેદે છે. માનસિક

અશાતાનું મુખ્યપણું છતાં તે સૂક્ષ્મ સમ્યક્ દ્રષ્ટિવાનને જણાય છે. શારીરિક અશાતાનું મુખ્યપણું સ્થૂળ દ્રષ્ટિવાનને પણ જણાય છે. જે વેદના પૂર્વે સુદ્રઢ બંધથી જીવે બંધન કરી છે, તે વેદના ઉદય સંપ્રાપ્ત થતાં ઈન્દ્ર, ચંદ્ર, નાગેન્દ્ર કે જીનેન્દ્ર પણ રોકવાને સમર્થ નથી. તેનો ઉદય જીવે વેદવો જ જોઈએ. અજ્ઞાનદ્રષ્ટિ જીવો ખેદથી વેદે તો પણ કંઈ તે વેદના ઘટતી નથી કે જાતી રહેતી નથી. સત્ય દ્રષ્ટિવાન જીવો શાંતભાવે વેદે તો તેથી તે વેદના વધી જતી નથી પણ નવીન બંધનો હેતુ થતી નથી. પૂર્વની બળવાન નિર્જરા થાય છે. આત્માર્થીને એજ કર્તવ્ય છે.''

''હું શરીર નથી, પણ તેથી ભિન્ન એવો જ્ઞાયક આત્મા છું; તેમ નિત્ય શાશ્વત્ છું. આ વેદના માત્ર પૂર્વ કર્મની છે, પણ મારું સ્વરૂપ નાશ કરવાને તે સમર્થ નથી, માટે મારે ખેદ કર્તવ્ય જ નથી, એમ આત્માર્થીનું અનુપ્રેક્ષણ હોય છે.'' (૯૨૭)

સમાધિ-ઉપદેશઃ

''દેહ છૂટવા સંબંધી નિર્ભય રહેવું કર્તવ્ય છે. આત્મા અજર, અમર, શાશ્વત છે. જ્ઞાનદર્શનમય છે. દેહના સંયોગ હોવા છતાં દેહથી ભિન્ન છે. તેને શાતા-અશાતા વેદનીય હોય તો પણ તે કિંચિત્ માત્ર દુઃખમય નથી. આત્મા છે તે મારું સ્વરૂપ છે. દેહને લઈને વેદનીય છે, તે વેદનીયનો કાળે ક્ષય થાય છે. ત્યાં તે વેદનીયનો ક્ષય થયે, નાશ થયે મૃત્યુ મહોત્સવ છે. કર્મનો નાશ તે મૃત્યુ મહોત્સવ છે. હરખ-શોક કરવા જેવો નથી; દ્રષ્ટા રહી જોયા કરો.''

''નિર્ભય રહો, મૃત્યુ છે નહીં. કોઈપણ પ્રકારે ચિત્તમાં ખેદ, હર્ષ, શોક નહીં લાવતા, કોઈ જાતનો સંકલ્પ-વિકલ્પ નહીં લાવતાં, મનમાં હર્ષ ઉલ્લાસ લાવો. દુઃખને જાણ્યું, તે જવાનું છે, ત્યાં શોક નહીં કરવો. મ્યાનથી તરવાર જુદી છે તેમ દેહથી આત્મા જુદો છે. દેહને લઈને વ્યાધિ-પીડા થાય છે, તે જવાને આવી છે, મારે કોઈ ડર રાખવાનો નથી. ઉદયકર્મે મનાય છે, ભોગવાય છે તે મારું નથી, મારું નથી. મારું છે તે જ્ઞાન-દર્શન-ચારિત્ર.''

''સર્વ વસ્તુ સંકલ્પ વિકલ્પમાં આવે તે મારી નથી. જેટલું દુઃખ દેખાય છે તે આત્મા જાણે છે. આત્માનું સુખ આત્મામાં છે. રોગ હોય ત્યાં વધારે કર્મ ખપે. પાપ માત્રનો નાશ થવાનો છે, તેવો અવસર છે. સમતા ધીરજ રાખી ક્ષત્રિયપણે વર્તવું, જેટલું આવવું હોય તેટલું આવે; તે બધાનો નાશ થશે અને આત્માની જીત થશે.''

''જે જે જન્મ્યા છે તે દરેકને કોઈને કોઈ નિમિત્તે મરણ તો અવશ્ય આવવાનું જ છે. મહાન અતિશયધારી એવા શ્રી તીર્થંકરો પણ નાશવંત દેહને અવિનાશી કરી શક્યા નથી તો આયુષ્ય ભોગવાઈ રહેતા પ્રાપ્ત થતાં મરણને રોકવા અન્ય કોઈ સમર્થ છે ? વહેલે કે મોડે એ મરણની કસોટીમાં થઈને પસાર થવાનું છે એમ વિચારી સમાધિમરણની તૈયારીરૂપ સદ્વિચાર, કષાયની મંદતા કે ભય, મોહ અને દેહાધ્યાસના ત્યાગાદિ માટે નિવૃત્તિ દ્રવ્ય, નિવૃત્તિ ક્ષેત્ર, નિવૃત્તિ કાળ અને નિવૃત્તિ ભાવનું સેવન, સત્સંગ, સત્સમાગમ, સત્પુરુષ અને તેની વાણીનું બહુમાનપણું, વૈરાગ્ય ઉપશમાદિનું આરાધન આજથી કરી લેવા યોગ્ય છે. જો આટલો ભવ સમ્યક્ત્વરૂપ ધર્મને આરાધવામાં ગાળવામાં આવે તો અનેક ભવનું સાટું વળી રહેવા યોગ્ય છે.''

''સહનશીલતા, ધીરજ, ક્ષમા, ખમી ખૂંદવું એ ગુણ ધારણ કરવાથી સારી ગતિ થાય છે. વેદનીયથી ગભરાવું મુંઝાવું નહીં. જે આવે છે તે જવાને માટે આવે છે અને એથી વિશેષ 'આવો' એમ કહેવાથી વધારે આવનાર નથી અને એ વેદની જતી રહો એમ કહેવાથી જતી રહે તેમ નથી.

આથી અનંતગણી વેદના જીવે નરક નિગોદમાં

ભોગવી છે, તો પણ તેનો નાશ થયો નથી. તડકા પછી છાયો અને છાયા પછી તડકો આવે છે તેમ વેદના પણ રાખી મૂકવી હોય તો પણ રહેનાર નથી, જે થાય તે જોયા કરવું. સમતાભાવમાં વર્તવાનો પુરુષાર્થ કર્તવ્ય છે.''

અમૂલ્ય વસ્તુ તો આત્મા છે. આત્મા કોઈનો પિતા નથી, માતા નથી, ભાઈ નથી. એકલો આવ્યો છે, એકલો જવાનો છે. આત્મા બાળક નથી, વૃદ્ધ નથી, જન્મતો નથી, મરતો નથી. આ મૂળ આત્માનું સ્વરૂપ સર્વ પરદ્રવ્યથી ભિન્ન અને અસંગ છે. આત્માનું લક્ષણ જાણવું, દેખવું અને સ્થિર રહેવું તે છે, તે નિરંતર સ્મરણમાં અનુભવમાં રાખવું, પછી ભલેને મરણ સમયની વેદના આવી પડી હોય, મારો ધર્મ તો જાણવું, દેખવું અને સ્થિર રહેવું તે છે. જાગૃત, જાગૃત અને જાગૃત રહેવું. હાય! હાય! હવે મરી જવાશે, આ તે કેમ સહેવાય? એવું એવું મનમાં ન આવવું જોઈએ. વસ્તુ જાણ્યા પછી ભૂલી કેમ જવાય? દેહ તે હું નહીં, એ નિશ્ચય થઈ જવો જોઈએ.''

છૂટે દેહાધ્યાસ તો, નહીં કર્તા તું કર્મ;
નહીં ભોક્તા તું તેહનો, એજ ધર્મનો મર્મ.

જેને દેહાધ્યાસ છૂટ્યો છે તે કરે છે છતાં નથી કરતા, ખાય છે છતાં નથી ખાતા, બોલે છે છતાં નથી બોલતા, ભોગવે છે છતાં નથી ભોગવતા. આ આશ્ચર્ય તો જુઓ! છે જગતમાં અને જગતમાં નથી, છે દેહમાં અને દેહમાં નથી, એ સમજણમાં ફેર પડી ગયોને!

આ તો સુખ આવ્યું, દુઃખ આવ્યું, પૂજા થઈ, સત્કાર થયો, વ્યાધિ આવી, મરણ આવ્યું એમ માની બેઠા છે, ત્યાં કર્તા ભોક્તા થયો. કેવો છે પોતે? સિદ્ધ સમાન. નહીં નાનો, નહીં મોટો માત્ર દ્રષ્ટિની ભૂલ છે.

એજ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષ સ્વરૂપ;
અનંત દર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ.

તું બાધા પીડા રહિત, અનંત જ્ઞાન દર્શનવાળો છો, ખોટું એને સાચું માનવું એ કેવી મોટી ભૂલ? તું અજર, અમર, અવિનાશી, શાશ્વત છો.

શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ;
બીજું કહિએ કેટલું? કર વિચાર તો પામ.

''આ ત્રણ ગાથાઓમાં આત્માને આમ પકડાવી દીધો છે. મરણ કાળે આ ત્રણ ગાથાઓમાં ઉપયોગ જોડાયો તો કામ થઈ જાય. એનો ભેદી મળે અને પકડ થાય, વિચાર કરે તો પામે, સમાધિમરણ આવે. આ ચમત્કારી ગાથા આત્માને સમજવા માટે છે. મરણની વેદની છે. ત્યાં બોધ સાંભરી આવે તો કામ થઈ જાય. આવું દુઃખ ભલેને રહ્યું, પણ મારું તો શુદ્ધ, બુદ્ધ, ચૈતન્ય ઘન, સ્વયં જ્યોતિ સુખધામ એવું આત્મસ્વરૂપ છે. રોગ મરણ કોઈ મારા નથી.''


''રોગ તો જ્ઞાની અજ્ઞાની બન્નેને ભોગવ્યે જ છૂટકો છે. પરંતુ જ્ઞાની કહે છે કે આથી બમણી વેદના ભલે આવેને, તારા ઘરમાં હું રહીશ તો ને? ક્ષમા, સહનશીલતા, સંતોષ, ધીરજ, સમતા એ આત્માના સુંદર ઘરમાં હું રમણ કરીશ. પછી વેદની મને શું કરવાની છે?''

''ભેદજ્ઞાન થયા પછી આનંદઘનજીની માફક કહી શકાય કે ''અબ હમ અમર ભયે, ન મરેંગે.'' દેહ માંદગી વગેરેને જ્ઞાનીએ તેનું માન્યું નથી. પછી કાળ કોને પકડે? કાળ નાસી જાય છે.''

(ક્રમશઃ)

નોંધ : પ.પૂ. બાપુજી લિખિત આ નિબંધનું સંક્ષિપ્ત સ્વરૂપ અનન્ય પરિવર્તનના તંત્રી વિભાગ દ્વારા સંકલિત કરવામાં આવ્યું છે.

પ્રેમ પ્રસાદ સ્ટાર એવોર્ડ – ૨૦૧૯



શ્રીમદ્ રાજચંદ્ર આત્મતત્વ રિસર્ચ સેન્ટર, રાજનગર, પર્લીના પ્રેમપ્રસાદ ગ્રુપનો એક સ્ટાર એવોર્ડ ફંક્શન તા. ૬ જાન્યુઆરીના અને બીજો તા. ૩૧ જાન્યુઆરીના સફળતાપૂર્વક પૂર્ણ થયો. પ્રેમ પ્રસાદ ગ્રુપનું મુખ્ય કાર્ય છે ઓળખીતા પ્રોફેશનલ્સ, ઓફિસ અને દુકાનોમાં એક ડોનેશન બોક્સ રાખવાનું, જેમાં જમા થયેલ રકમ રાજનગર પર્લીના મેડિકલ, એજ્યુકેશન અને વુમન એમપાવરમેન્ટના કાર્ય માટે વાપરવામાં આવે છે. મુંબઈમાં આવા ઘણા ડોનેશન બોક્ષ રાખવામાં આવ્યા છે જેને વારાફરતી દર બે મહિને ખોલવામાં આવે છે.

સેવા અને માનવતાના આ કાર્ય માટે સાથ આપનાર આ દરેકનું અભિવાદન કરવા માટે પ્રથમ એવોર્ડ સમારંભનું આયોજન, માટુંગાની એસ.એન.ડી.ટી. કોલેજના ચાંગડાઈવાલા હોલમાં અને બીજાનું અંધેરી રીક્રીયેશન ક્લબ કરવામાં આવ્યું હતું. જેમાં સાંજના ૪ થી ૫ હાઈ-ટી અને બાદમાં ડીનર અને પાંચ વાગ્યાથી સંસ્થાની ભક્તિ ટીમ, ''સ્પર્શ ઈન્ટરનેશનલ''ના કલાકારો દ્વારા સંગીતનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. બોક્ષ રાખનાર દરેકને એમના કપલ ફોટા સાથે એક સુંદર ગિફ્ટ મોમેન્ટો રૂપે આપવામાં આવી હતી, જેને મેળવીને તેઓ અત્યંત ગદ્‌ગદ્ થઈ ગયા હતા. અમુક લોકોએ તો પોતાની લાગણી વ્યક્ત કરતાં કહ્યું કે આ મોમેન્ટોના અસલી હકદાર તો ગ્રુપના સભ્યો છે જેઓ કોઈપણ અપેક્ષા વગર પોતાનો કિંમતી સમય અને શક્તિ આ કાર્ય માટે પ્રદાન કરે છે.

પ્રેમ પ્રસાદ ડોનેશન બોક્ષની સફળતા પાછળ મુખ્ય સ્ત્રોત છે પૂજ્યશ્રીની પ્રેરણા, માર્ગદર્શન અને અપાર કરૂણાદ્રષ્ટિ. ગ્રુપના કાર્યથી અત્યંત સંતુષ્ટ પૂજ્યશ્રી પ્રેમાચાર્યજી અને પૂજ્ય નિલેશભાઈએ કાર્યક્રમમાં પધારી કાર્યક્રમની સફળતાને ચાર ચાંદ લગાડી દીધા હતાં અને ગ્રુપના સભ્યોનો ઉત્સાહ વધાર્યો હતો.

નોંધ: મુંબઈમાં આપના કોઈપણ ઓળખીતા દુકાનદારની દુકાનમાં કે ઓફિસમાં જો ડોનેશન બોક્ષ મુકવાની સગવડ થઈ શકશે એમ આપને લાગતું હોય તો શ્રી નરેન્દ્રભાઈ દેઢિયાનો - ૯૩૨૩૬૦૮૦૧૭ પર સંપર્ક કરવો. ◆

માત્ર મનમાં વિચારીને કમાન્ડ આપો !

શું તમને ખબર છે કે તમારા હોઠ ફફડતાં હોય કે ન ફફડતાં હોય, તમે તમારી જાત સાથે વાત કરતા હો છો ?

તમે આ શબ્દો વાંચી રહ્યા છો તમારા ચહેરાના, જડબાના સ્નાયુઓ ઝડપી હિલચાલ કરી રહ્યાં છે અને શબ્દોને અવાજ રૂપે બોલતા હોય છે જેથી તમે તેને મનમાં સાંભળી શકો છો. આ રીતે મૂંગી ભાષાને 'સબનૉકલાઇઝેશન' કહે છે.

હવે, એમ. આઇ.ટી.ના સંશોધકો દ્વારા આ 'સબનૉકલાઇઝેશન'નો ઉપયોગ કરીને તમારા આંતરિક સંવાદોને ઓળખવા અને તેને તમારા ડિજિટલ કમાન્ડમાં પરિવર્તિત કરવા માટે એક ઉપકરણ બનાવવામાં આવ્યું છે જે પહેરી શકાય તેવું એક હેડસેટ છે. તેનું નામ 'ઑલ્ટર ઇગો' રાખવામાં આવ્યું છે.

એમ.આઇ.ટી. મીડિયા લૅબ દ્વારા જાહેર કરવામાં આવેલા એક નિવેદન મુજબ, આ ઉપકરણથી વપરાશકારો હેડસેટને કોઇ શબ્દ માત્ર વિચારીને જ કમાન્ડ આપી શકશે. આ કેવી રીતે શક્ય બનશે ? તો તેનો જવાબ એ છે કે આપણા શરીરમાં ચેતાઓનું એક જાળું રહેલું છે. ચેતાઓનું આ નેટવર્ક સ્નાયુઓના હલનચલનને વાણીમાં પરિવર્તિત કરી દે છે. અને પરિણામે



વપરાશકાર એક શબ્દ બોલ્યા વગર કે ટાઇપ ક્ર્યા વગર પોતાનું કામ કમ્પ્યૂટર કે મોબાઇલ પાસે કઢાવી શકશે.

તમને જાણીને આનંદ થશે કે આ કામમાં એક ભારતીયનું પ્રદાન પણ છે. એમ.આઇ.ટી. મિડિયા લૅબમાં ગ્રેજ્યુએટ વિદ્યાર્થી, અર્નવ કપૂર કહે છે કે આની પાછળની પ્રેરણા એક આઇ.એ. ઉપકરણ બનાવવાની હતી જે ઇન્ટેલિજન્સ ઓગમેન્ટેશન ઉપકરણ હોય. અર્નવ કપૂર આ ઉપકરણનું વર્ણન કરતાં સંશોધન પત્રના અગ્રણી લેખક છે. તેમણે કહ્યું કે અમારો વિચાર એવો હતો કે શું આપણે એવી ગણના મંચ એટલે કે કમ્પ્યૂટર પ્લેટફૉર્મ બનાવી શકીએ જે બધું આંતરિક હોય, જે માનવ શરીર અને મશીનમાં પણ ભળી જાય અને જે આપણી ચેતા પ્રણાલીનું એક બાહ્ય વિસ્તરણ લાગે ?

આ સમાચાર યાદીની સાથે એક વિડિઓ માં અર્નવ કપૂરને આ હેડસેટ પહેરીને રોજનાં કામો કરતા બતાવવામાં આવ્યા છે, એમકે મનમાં વિચારીને ટીવીનું મેનુ બદલાવી શકે, સમય જોઇ શકે છે, સુપર માર્કેટના ભાવોનો સરવાળો કરી શકે છે અને રમત પણ રમી શકે છે.

આ કેવી રીતે શક્ય બને ? માનો કે તમારે ઑલ્ટર ઇગોને પૂછવું છે કે શું સમય થયો છે ? તમે આ સમય શબ્દ વિચારશો ત્યારે તમારા ચહેરા અને જડબાના સ્નાયુઓ એકદમ સૂક્ષ્મ હિલચાલ કરશે અને તે શબ્દ કોઇને ન સંભળાય તેમ બોલશે અને તે માથાને પહોંચાડશે. તમારા ચહેરા સામે દબાયેલા ઓલ્ટર ઇગો હેન્ડસેટની અંદરની બાજુએ રહેલા ઇલેક્ટ્રોડ આ હિલચાલને નોંધશે અને પછી તેને બ્લુટૂથ મારફતે એક બાહ્ય કમ્પ્યૂટરને મોકલશે. ચેતાઓનું નેટવર્ક આ સંકેતોને એ જ રીતે સંસ્કૃત કરશે જે રીતે સ્પીચ ટૂ ટૅક્સ્ટ પ્રૉગ્રામ કરે છે અને તમને તેનો જવાબ મળશે- ''૮''.

ઓલ્ટર ઇગોમાં ઇયરબડ આવતાં નથી તેમાં બૉન કન્ડક્શન હૅડફૉન આવે છે જે તમારા માથા પર રહેલા હોય છે અને તે તમારા ચહેરાનાં હાડકાં દ્વારા કંપનો તમારા અંદરના કાનમાં મોકલે છે જેના કારણે તમે ઓલ્ટર ઇગોનો પ્રતિભાવ તમારા મગજની અંદર સાંભળી શકો છો. આમ તમારી અને કમ્પ્યૂટર વચ્ચે એક મૂંગી વાતચીત થાય છે. જે રીતે મૂંગાબહેરા વાત કરતા હોય તે કરતાં પણ આ રીત એક પગલું આગળ છે કારણકે મૂંગાબહેરાને તો વાત કરવા ઇશારાની જરૂર પડે છે જ્યારે આમાં ઇશારાની પણ જરૂર પડતી નથી.

આ માત્ર કાગળ પર લખાયેલી વાત નથી તેનું પરીક્ષણ પણ થયેલું છે અને ટૅક્નૉલૉજીનું શરૂઆતનું પરીક્ષણ આશાસ્પદ પરિણામો બતાવે છે.

એક નાનકડા અભ્યાસમા ૧૦ સ્વયંસેવકો યાદેચ્છિક ક્રમમાં ગોઠવાયેલા ૭૫૦ આંકડાઓને વાંચે છે અને તેમણે ઓલ્ટર ઇગો હેડસેટ પહેરેલા છે. સંશોધકોનો દાવો છે કે સહભાગીઓએ જે આંકડા વાંચ્યા તે આંકડાનું અર્થઘટન ઓલ્ટર ઇગોએ ૯૨ ટકાની સરેરાશ ચોકસાઇથી સાચી રીતે ક્ર્યું છે.

(ચિત્રલેખા, ૩ મે ૨૦૧૮)

શ્રી નારદજીનું વિસ્મય-હરણ

દાઉજીએ સમાચાર આપ્યા કે દેવર્ષિ નારદજી યોગી મહારાજ પાસે સત્સંગ કરવા ગયા છે અને ભાઈ એકલા પોતાના ભવન પર સિધાવ્યા છે ત્યારે, રુક્મિણીજીને ભાન થયું કે વાતો સાંભળતાં તો સાંજ પડી ગઈ!... પ્રભુ મારી રાહ જોતા હશે...

અને જેવાં રુક્મિણી ઊઠ્યાં કે એમની સાથે અન્ય સાતેય રાણીઓ પણ પોતપોતાના આવાસે જવા ઊપડી ગઈ.

રસ્તામાં રુક્મિણીને આજે જિંદગીમાં પહેલીવાર પોતાના 'પટરાણીપણા'નો ગર્વ થયો. પટરાણી હોવાના નાતે શ્યામસુંદરની સેવા કરવાનો સર્વપ્રથમ અધિકાર તો પોતાને પ્રાપ્ત છે જ; નારદજી જેવા વિશિષ્ટ મહેમાનોની આગતાસ્વાગતા કરવાનો અનુપમ લહાવો પણ પોતાને જ મળે છે. શ્યામસુંદરના પેલા અદ્‌ભુત સ્વપ્નનું રહસ્ય પણ એકમાત્ર પોતાને જ જાણવા મળ્યુંને ?

પટરાણીપણાના ગર્વથી ઊભરાતે હૈયે દેવી રુક્મિણી સીધા 'કૃષ્ણભવન' પર પહોંચ્યાં અને ત્યાં શ્યામસુંદરની સરભરા કરીને, એમની સાથે જ રોકાયાં.

આ બાજુ, આધ્યાત્મિક ચર્ચા કરીને સંતુષ્ટ થયેલા નારદજી દ્વારિકાના રાજમહેલમાં પરત આવ્યા. અનુચરો દ્વારા જાણવા મળ્યું કે દ્વારિકાધીશ તો રુક્મિણીજીના મહેલે ભોજનાર્થે પધાર્યા છે અને પોતાના માટે એવો સંદેશ આપતા ગયા છે કે તેઓ પણ 'રુક્મિણીભવન' પર ગમે ત્યારે આવી જાય.

નારદજી 'કૃષ્ણભવન'ના પોતાના ઉતારા પર જઈને સ્વસ્થ થયા.પછી ઝરૂખામાં ગયા. ઘૂઘવતા અરબસાગર ભણી અપલક જોઈ રહેલા દેવર્ષિના ચિત્તમાં એકાએક એક વિચાર ઝબૂક્યો: 'રામાવતાર'માં તો ભગવાન શ્રીરામચંદ્ર માત્ર એક જ રાણી સીતાજીના સ્વામી હતા અને તોયે એક સ્ત્રીનું સુખ પણ નિરાંતે ભોગવી ન શક્યા! તો પછી 'કૃષ્ણાવતાર'માં શ્રીકૃષ્ણચંદ્ર આઠ આઠ રાણીઓનાં મન કેવી રીતે સાચવતા હશે ?

સાગરનાં મંદ મંદ પવને નારદજીની સુષુપ્ત 'નારદવિદ્યા'ને સતેજ કરી અને અત્યારે સરસ લાગ મળ્યો છે તો લાવ જરા શ્યામસંદરની અન્ય રાણીઓની ખબરઅંતર પૂછી લઉં અને કંઈક 'ટેટો ચંપાય' તો ચાંપતો આવું. એમ વિચારીને નારદજી નારાયણ.. નારાયણ કહેતા ઊપડ્યા, દ્વારિકાધીશની રાણી લક્ષ્મણાના આવાસે.

'લક્ષ્મણ નિવાસ'ના મુખ્ય દ્વારપાળે એમનું અભિવાદન કરી, અંદર જવાનો માર્ગ મોકળો કરી આપ્યો એટલે નારદજી તો આગળ વધ્યા.

થોડે દૂર ગયા ત્યાં એમના કાને કોઈ સ્ત્રી-પુરુષ વાતો કરતાં હોય એવો અવાજ અથડાયો. દ્વાર પાછળ સંતાઈને નારદજીએ અંદર નજર નાખી તો સુવર્ણા સાંકળે ઝૂલતી હિંડોળાખાટ પર મનમોહન શ્રીકૃષ્ણ પોતાની રાણી લક્ષ્મણા સાથે ઝૂલી રહ્યા હતા અને લક્ષ્મણાએ પૂછેલ પ્રશ્નનો ઉત્તર આપી રહ્યા હતા કે -

''પ્રિયે! દ્વાપરની સર્વશ્રેષ્ઠ સતી જો દ્રૌપદી જ હોય તો એની આણ આપીને મેં આત્માને શબ પ્રવેશ કરવા કહેલું પરંતુ મૃતકમાં પ્રાણસંચાર ન થયો! એ સર્વશ્રેષ્ઠ સતી એટલા માટે નથી કેમ કે એણે પોતાના પાંચેય પતિ પર એક સરખો પ્રેમભાવ નથી રાખ્યો. પાંચેયમાં અર્જુન પ્રત્યે એને પહેલેથી જ પક્ષપાત રહ્યો છે. તેથી એના શ્રેષ્ઠ સતીત્વમાં એક આટલી ઊણપ રહી ગઈ, જેને કારણે મારી પ્રતિજ્ઞા આણ નિષ્ફળ ગઈ.''

નારદજીને થયું કે અહીં તો પ્રભુ સ્વયં બિરાજ્યા છે એટલે આપણો કાંઈ ગજ વાગે એવું લાગતું નથી. એટલે ટહેલતા ટહેલતા નારદજી તો પહોંચી ગયા સીધા સાતમી રાણી સત્યાના શયનકક્ષ સધી! પરંતુ એકાએક રાણી સત્યાનો સુમધુર નાદ નારદજીના કર્ણપટલને સ્પર્શ્યો:

''પણ પ્રભુ!આવું બને જ કેમ ? સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર કરતાં પણ સોગણું ચડી જાય એવું સત્યવાદીપણું ધર્મરાજ યુધિષ્ઠિરમાં હોવા છતાં, આપનો બીજો અંજલિ છંટકાવ નિષ્ફળ કેમ ગયો એ જ મને તો સમજાતું નથી.''

નારદજી ચમક્યા! દેવકીનંદન વાસુદેવનો સ્પષ્ટ અવાજ

એ સાંભળી રહ્યા હતાં.

કુરુક્ષેત્રની રણભૂમિ પર, ભીમ આદિ ભાઈઓના આગ્રહથી જ્યારે તેઓ પોતાના ગુરુ દ્રોણાચાર્ય સમક્ષ જુઠ્ઠું બોલ્યા કે 'હા, અશ્વત્થામાં હણાયો!' અને પછી સ્વબચાવમાં ભલે એમણે સ્વગત કહ્યું હોય કે 'નરો વા કુંજરો વા' પરંતુ એકવાર જુઠ્ઠું બોલાઈ જવાયું એટલે એમનો 'સત્યવાદીપણાનો રથ' જે જમીનથી ચાર આગળ ઊંચો ચાલતો હતો તે ધરતીને અડી ગયો. સત્યા! અને તેથી જ મારી દ્વિતિય અંજલિ નિષ્ફળ ગઈ.''

નારદજીને આશ્ચર્ય થયું. માથું ખંજવાળતા ખંજવાળતા નારદજી તો બહાર નીકળીને ચાલવા માંડ્યા છઠ્ઠી રાણી ભદ્રાના ભવન ભણી..

અહીં પણ ભોજનખંડમાં નિરાંતે ભોજન કરી રહેલા ભગવાન શ્યામસુંદર, પ્રેમથી સમજાવી રહ્યા હતા કે -

''ભદ્રે! આખી દુનિયા ભલે કહેતી હોય કે - ધનંજય શ્રેષ્ઠ ધનુર્ધર છે પરંતુ હું તો પહેલેથી જ જાણતો હતો કે એના કરતાં ગંગાપુત્ર ભીષ્મ, આચાર્ય દ્રોણ અને અંગરાજ કર્ણ અનેકગણા ચડિયાતા બાણાવાળી હતા. એનો રથ તો કેવળ મારા સુદર્શનના ઐશ્વર્યથી જ ટકી રહ્યો હતો, બાકી કર્ણે ફેંકેલા બ્રહ્માસ્ત્રની અસરથી રથસહિત અર્જુન બળીને ખાખ થઈ જવાના હતા. હવે તું જ કહે! શ્રેષ્ઠ ધનુર્ધારી હોવાનો અર્જુન દાવો સ્વીકાર્ય ગણાય? મૃત બાળકના શબમાં પછી પ્રાણસંચાર થાય ક્યાંથી?

પ્રભુને અહીં પણ બિરાજેલા જોઈને નારદજી તો ભોંઠા પડી ગયા અને પહોંચ્યા પાંચમાં રાણી મિત્રવિન્દાના મહેલે!

નારદજીને ઊંડી ઊંડી આશા હતી કે મિત્રવિન્દાની એકાંત મહેમાનગતિ તો અવશ્ય માણવા મળશે. પરંતુ નંદકિશોર તો અહીં પણ પોતાની પ્રાણપ્રિયા રાણીને સમજાવી રહ્યા હતા કે-

''મિત્રે! તું વિચાર કર કે પાંડવો એકલા પોતાના બાહુબળથી 'કુરુક્ષેત્રવિજેતા' બન્યા હતા ખરા? મેં સમય સમય પર અને કેટલીક વાર તો અણીના સમયે જો 'દંડ' અને 'ભેદ'ના પ્રયોગો ન કર્યા હોત તો આટલા બધા મહાન યોદ્ધાઓ સામે અને અઢાર અક્ષૌહિણી સેના સામે પાંડવો કેવળ શસ્ત્રબળે વિજયી બન્યા હોત ખરા? હવે કહે, કે 'કુરુક્ષેત્ર-વિજેતા પાંડવો'ની આણ આપીને હું અંજલિ છાટું તો એનાથી પેલું આત્મતત્વ પ્રભાવિત થઇ મૃત બાળક જીવતું થાય પણ કેવી રીતે?''

ચાર ચાર પ્રયત્નો નિષ્ફળ ગયા તો યે નારદજીની ભ્રમિત બુદ્ધિને પાછા વળવાનું મન ન થયું! કાલિન્દી તો કદાચ એકલી હશે જ એમ માનીને એના કક્ષમાં પ્રવેશ્યા ને ત્યાં એ જ પીતાંબરધારી, ગિરધારી ઘનશ્યામ ચરણસેવા કરી રહેલી પોતાની રાણી કાલિન્દીને પોતાના અવતારકાર્યનું રહસ્ય સમજાવી રહ્યા હતા કે-

''પ્રિયે! તને તો ખબર જ છે કે મેં તો માત્ર સત્ય અને ધર્મના રક્ષણ કાજે 'કૃષ્ણાવતાર'માં બચપણથી આજદિન સુધી જે કંઈ 'કર્મો કર્યા છે તે કેવળ સાક્ષીભાવે' જ કર્યા છે. દેહધર્મ બજાવ્યો છે તે પણ માત્ર દૈહિક અંગો વડે! મારી આ નિર્ભેળ સત્ય આણની, પેલો આત્મા અવગણના શી રીતે કરી શકે?''

આગળ એક શબ્દ પણ સાંભળવા જેટલી શક્તિ નારદજીમાં રહી ન હતી! તેઓ પહોંચી ગયા ત્રીજી રાણી જાંબુવતીના આવાસે!

અને અહીં પણ વજેન્દ્રનંદન પોતાની પ્રસન્નવદના રાણીને કહી રહ્યા હતા:

''પ્રિયે! સાક્ષીભાવની પરાકાષ્ઠા અમારા 'અકર્તૃત્વ'માં પરિણમે છે અને ખાધું હોવા છતાં સાધુ 'દુર્વાસા' જેમ ભૂખ્યા છે તેમ આ 'કૃષ્ણ' સંસારી હોવા છતાં પૂર્ણ બ્રહ્મચારી છે; કેમ કે જેમ દેહનું કોઈપણ કર્મ આત્માને સ્પર્શતું નથી. આ અર્થમાં યોગીઓની પરિભાષામાં હું 'આજીવન બ્રહ્મચારી' છું.

નારદજીની બુદ્ધિ બહેર મારી ગઈ. લથડિયાં ખાતા ખાતા શ્રીકૃષ્ણના મહા પરાક્રમી અને પ્રખર તેજસ્વી દ્વિતિય રાણી સત્યભામાના રાજમહેલમાં દાખલ થયા... હજી પણ ઊંડે ઊંડે એવી આશાએ કે એકાદ રાણી સાથે તો એકાંતમાં 'નારદવિદ્યા' અજમાવવાની તક મળી જશે.

પરંતુ અહીં પણ સત્યભામાના ખભે હાથ મૂકીને અવિનાશ અચ્યુત પોતાની આ રાણીને કહી રહ્યા હતા કે -

''પ્રાણેશ્વરી કદાચ હું શ્રીરાધાને વધુ પડતું મહત્વ આપી રહ્યો છું એવું તમને લાગશે. માટે એક કામ કરો. નારદજીને જ તમે પકડો! કાલે બપોરે તમે સાતેય રાણીઓને તમારા આવાસે જમવા તેડો અને ભેગા મને ને નારદજીને. તમે

નારદજીને જ પૂછજો કે આ દ્વાપરયુગની સતિ શિરોમણિ, પાવિત્ર્યમૂર્તિ અને પ્રેમલક્ષણા ભક્તિનો સાક્ષાત્ અવતાર શ્રીરાધાજી કેમ ગણાય છે ?

નારદજી ફફડી ગયા, આવી બન્યું હવે મારું ! મને વળી આવી કુબુદ્ધિ ક્યાં સૂઝી કે હું પરમાત્માનું પગેરું શોધવા નીકળ્યો ? પહોંચી જવા દે ઝટપટ મને રાણી રુક્મિણીના મહેલે ! અને નારદજી મુઠ્ઠીઓ વાળીને નાઠા.

દેવર્ષિ હજી તો રુક્મિણી ભવનનાં પગથિયાં ચડે છે ત્યાં તો આગળ ધસી આવેલાં રાણી રુક્મિણી બોલ્યા: ''મુનિવર ! પ્રભુ અત્યારસુધી આપની રાહ જોઈને અહીં જ બિરાજ્યા હતા, હમણાં જ કૃષ્ણભવન પર ગયા.''

નારદજીએ વિસ્મયથી પૂછ્યું: ''પ્રભુ અત્યાર સુધી અહીં જ વિરાજમાન હતા ?'' રુક્મિણીએ કહ્યું: ''એકાદ પ્રહરથી તો અમારી વચ્ચે વાર્તાલાપ ચાલતો હતો. આપની ખૂબ રાહ જોઈ અને પછી, આજે તો એક ભક્તે મને ખૂબ દોડાદોડ કરાવી છે એટલે જઈને જરા આરામ કરું, એમ કહીને હમણા જ અહીંથી ગયા.''

નારદજીની આંખે અંધારા આવી ગયાં.

''દેવી ! પ્રભુ સાથે આપને અત્યારે કયા વિષય પર વાર્તાલાપ ચાલ્યો એ મને જરા કહેશો ?

રુક્મિણીની તો જરાપણ ઈચ્છા ન હતી, પરંતુ સ્વયં નારદજીએ સામે ચાલીને પૂછ્યું એટલે ના પણ કેવી રીતે પડાય ? આવું વિચારીને પટરાણીએ સંક્ષેપમાં જણાવ્યું કે -

''આજે સુભદ્રાજીએ એમના ભૈયાના જીવનની એક રહસ્ય ઘટના કહી, જેમાં ત્રણચાર બાબતો એવી વિસ્મયજનક હતી કે કોઈના માન્યામાં ન આવે !... મેં એ અંગે પ્રભુને પૂછ્યું અને બધી શંકાઓનું સમાધાન પ્રભુએ મને એકલીને ખાનગીમાં હમણાં જ કરી આપ્યું અને પછી જ અહીંથી ગયા.''

ત્રિકાળજ્ઞાની નારદજીની ભ્રમિત થઈ ગયેલી બુદ્ધિમાં હવે જ્ઞાનનો ઝબકારો થયો અને તેઓ બોલ્યા વિના રહી ન શક્યા. ''આપ ભલે સમજતાં હો કે આ બધું રહસ્ય પ્રભુએ આપને એકલાંને જ ખાનગીમાં કહ્યું છે ! પરંતું આ જ રહસ્ય શ્યામસુંદર એમની અન્ય સાતેય રાણીઓને એજ સમયે કહી રહ્યા હતા જે સમયે તેઓ આપને કહી રહ્યા હતા.''

આટલું સાંભળતાં તો, ચંદ્ર પરથી વાદળ હટી જાય એ રીતે પટરાણી રુક્મિણીના હૃદયમાંથી પોતાનો 'પટરાણીપણા'નો ગર્વ હટી ગયો ! એમની દિવ્ય દ્રષ્ટિ સમક્ષ ભગવાન વિષ્ણુનું ચતુર્ભુજ સ્વરૂપ ખડું થયું, જેમની બાજુમાં પોતે લક્ષ્મીરૂપે વિરાજમાન હતા. રુક્મિણીની આંખમાં ઝળઝળિયાં આવી ગયા. ક્ષોભિત થઈને નીચું જોઈ રહેલાં રાણી રુક્મિણી તરફ નારદજીની તો નજર જ નહોતી. એ તો સ્વગત બોલ્યે જતા હતા:

''આપને પટરાણીપણાનો ગર્વ થયો ને મને મારા પ્રભુનો બહુપત્નીત્વવાળો સંસાર જોવાની કુબુદ્ધિ સુઝી ! દેવી ચાલો ઊઠો ! આપણે વિના વિલંબે એમને શરણે જઈને એમની ક્ષમા માગી લઈએ.''

બન્ને 'કૃષ્ણભવન' પર આવીને શ્યામસુંદરને શોધવા લાગ્યાં ત્યારે, દ્વારિકાધીશ તો ઝરૂખામાં ઊભા ઊભા રાત્રિના અંધકારમાં ભવ્ય ભાસતા મહાસાગરનું સૌંદર્યપાન કરી રહ્યા હતા.

પ્રથમ દેવર્ષિ નારદે અને પછી રાણી રુક્મિણીએ યોગેશ્વર શ્રીકૃષ્ણનો ચરણસ્પર્શ કર્યો ત્યારે વિસ્મયથી બે ડગલાં પાછળ હટી જઈને શ્યામસુંદરે માર્મિક ટકોર કરી:

''કેમ, કેમ ?'' અને ત્યારે અમને માફ કરો, પ્રભુ ! અમને ક્ષમા આપો એમ વદતાં એ બન્ને જણાએ દીન વદને પુનઃ પ્રભુનો ચરણસ્પર્શ કર્યો અને પ્રભુ ખડખડ હસી પડ્યા !

એ જોઈને કશું સમજ્યા વિના બન્ને રાણીઓએ પણ સ્વાભાવિકપણે સ્વામીના હાસ્યમાં પોતાનો સૂર પુરાવ્યો...

ઘટઘટના વાસી પ્રભુ ! હૃદય-હૃદય પર રાજ,
જે ભાવે જે કો' ભજે, રાખે સૌની લાજ !
પટરાણીના પદતણો ગર્વ કીધો તારાજ;
નારદનું વિસ્મય-હરણ: એક પંથ દો કાજ ! ! ◆

(ક્રમશ:)

નોંધ : શ્રી ભોગીલાલ શાહ લિખીત પુસ્તક ''શ્રી રાધાવતાર'' માંથી આ પ્રકરણ અનન્ય પરિવર્તનના તંત્રી વિભાગ દ્વારા સંકલિત કરવામાં આવ્યું છે.

શ્રી રાજરોટી સેન્ટર (બોરીવલી)



શ્રીમદ્ રાજચંદ્ર આત્મ તત્વ રીસર્ચ સેન્ટરની અંતર્ગત વિવિધ સામાજિક પ્રવૃત્તિઓમાંની એક છે શ્રી રાજરોટી સેન્ટર. અહીં માત્ર રૂા. ૧૦માં કોઈપણ ધર્મ, જાતિ અથવા અન્ય ભેદભાવ વિના દાતાઓની સહાયથી જરૂરિયાતમંદ, વૃદ્ધજન, શારીરિક અસક્ષમ વ્યક્તિઓને શુદ્ધ અને સાત્વિક ભોજન આપવામાં આવે છે. તેમાં ૬ રોટલી, શાક, દાળ, ભાત અને એક કેળા નો સમાવેશ થાય છે.

પરમ પૂજ્ય પ્રેમાચાર્યજીની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ સ્થપાયેલી આ સંસ્થાની બોરીવલી શાખા ૨૦ ઓક્ટોબર, ૨૦૧૬થી કાર્યરત છે. શરૂઆતમાં ૩૦ લોકોને આ સેવાનો લાભ અપાવતું આ સેન્ટર આજે ૫૫ થી વધારે લોકોને સેન્ટરમાં બેસીને જમાડવાની સુવિધા પણ આપે છે. ઘરે લઈ જવા માટે દરેકને પાંચ ડબ્બાનું સ્ટીલનું ટિફિન અપાયેલ છે જેથી લોકોને સુવિધા રહે.

સર્વ જીવો સાથે મૈત્રી ભાવ કેળવવાના લક્ષને ધ્યાનમાં રાખીને બોરીવલી સેન્ટરે એક અનોખી પહેલ કરી છે જેમાં...

૦ જરૂરિયાતમંદોને એપ્રિલ ૨૦૧૮નાં રિસર્ચ સેન્ટર લઈ જવામાં આવ્યા હતા. સર્વે માટે એ એકદમ અલગ અને અદ્‌ભુત અનુભવ હતો.

૦ સપ્ટેમ્બર ૨૦૧૮માં દાતાઓને રિસર્ચ સેન્ટર લઈ જવામાં આવ્યા હતા. રિસર્ચ સેન્ટરની અનેક પ્રવૃત્તિઓમાં આટલા બધા યુવા જોડાયેલા છે એ જોઈને ખૂબ અભિભૂત થયા તેમજ બધી પ્રવૃત્તિઓ માટે પ્રોત્સાહન આપી અને શિબિરમાં ભાગ લેવાની પણ ઈચ્છા બતાવી હતી.

૦ આ વર્ષે ૯ જાન્યુઆરીના દિવસે જરૂરિયાતમંદો માટે બોરીવલી નેશનલ પાર્કની પિકનીક યોજવામાં આવી હતી. જેમાં તેમની સાથે શ્રી રાજ રોટી સેન્ટરના સ્વયં સેવકો તો હતા પણ દાતાઓ પણ શામેલ થયા હતા. એકજ પરિવારના બધા ભેગા થયા હોય અને મજા કરીએ તેવો અનુભવ હતો. બસ, આવી રીતેજ મૈત્રી કેળવતા રહીએ એ લક્ષ છે.


''શ્રી રાજરોટી સેન્ટર'' સ્વયં સેવકો, દાતાઓને શુભ કાર્યમાં જોડાવાનું અને સર્વ જીવો સાથે મૈત્રી કેળવવાનું એક બળવાન નિમિત્ત છે. જેમાં આપ સર્વ પણ જોડાઈ શકો છો.

નવ તત્વ




આ નવ તત્વ એ પદાર્થનું વાસ્તવિક સ્વરૂપ છે. વિશ્વનીઉ રચના સ્વયં સંચાલિત છે. આ નવ તત્વ જીવ અને અજીવને સમજવા માટે છે.

નવ તત્વને સમજવા શા માટે ?



નવ તત્વના નામ	વ્યાખ્યા
૧. જીવ	ચૈતન્ય સહિત છે, જીવે છે, પ્રાણોને ધારણ કરે છે, જ્ઞાન, દર્શન ઉપયોગ સહિત છે. માનવ, દેવ, પશુ, પક્ષી, નરક વગેરે.
૨. અજીવ	ચેતના રહિત છે. પ્રાણ કે ઉપયોગ લક્ષણરહિત છે. વસ્ત્ર, પાત્ર, ખાટલા, પાટલા, વાહન વગેરે.
૩. પુણ્ય	શુભકર્મ તે પુણ્ય, જેના ઉદયથી જીવને સુખનો અનુભવ થાય.
૪. પાપ	અશુભકર્મ તે પાપ છે, જેના ઉદયથી જીવને દુઃખનો અનુભવ થાય.
૫. આસ્ત્રવ	કર્મને આવવાના દ્વાર - મિથ્યાત્વાદિ હેતુ. જેના દ્વારા કર્મો આવે છે.
૬. સંવર	આવતા કર્મોનું સંયમાદિ દ્વારા અટકવું.
૭. નિર્જરા	કર્મનો અંશે અંશે તપાદિ દ્વારા ક્ષય થવો.
૮. બંધ	આત્માના પ્રદેશો અને કર્મરજોનું દૂધપાણીની જેમ એકમેક થઈ જવાનો સ્વભાવ.
૯. મોક્ષ	કર્મોનો સંપૂર્ણ ક્ષય થવો, આત્માના શુદ્ધ સ્વરૂપનું પ્રગટ થવું.

નવ તત્વની શ્રદ્ધા માટે વિવેકના ત્રણ પ્રકાર છે



Top Natural Painkillers



Earache Garlic



Toothache Cloves



Heartburn Apple Cider Vinegar



Chronic Pain Turmeric



Joint Pain Cherries



Bloating Pineapple



Sore Muscles Peppermint



Sinus Pain Horseradish



Injury Pain Water

Nature's 11 Most Powerful Abtibiotics



Turmeric



Ginger



Oregano Oil



Habanero



Onion



Horseradish Root



Echinacea (Herb)



Apple Cider Vinegar



Raw Honey



Garlic



Colloidal Silver



Tangy Tamarind Rice (Serve 3)

INGREDIENTS :

150 gm Rice
2 tbsp think tamarind Pulp
½ tsp Methi seeds
2 tbsp sesame seeds
2 tbsp Roasted peanuts
¼ tsp hing
¼ tsp haldi powder
Salt to taste
Ingredients for tempering
1 tbsp Chana dal
1 tbsp urad dal
1 tbsp Rye
1 green chilli slit horizontally
8-10 curry leaves
2 tsp ghee

METHOD :

Boil rice with haldi powder, roast methi seeds and grind into a fine powder. Roast the sesame seeds and grind to a coarse powder. Heat ghee. Add chana dal, urad dal and nuts. As they turn golden add rye. Add the chilli and curry leaves. Add tamarind pulp, hing, methi powder, sesame powder to the kadai. Cook for 2 minuts. Add cooked rice and salt. Mix well. Remove from flame. Serve hot.



Green Tea and mix drink (Serve 6)

INGREDIENTS :

2 bundles Green Tea
1 cup mint (Pudina) leaves.
¾ juice of 3 lemons
ginger to taste.

METHOD :

Wash the tea and mint leaves. Put all the ingredients in a mixer. Add water and churn in to the liquid. Add more water if required. Add ice and serve chilled.



RECENT NEWS

NATIONAL:

- Priyanka Gandhi gets over 1 lakh Twitter followers.
- The Central Government has rejected allegation of "conflict of interest" levied by the Congress against Comptroller and Auditor General (CAG) Rajiv Mehrishi over the audit agency's proposed report on the Rafaledeal
- Arunachal CM to Rajnath Singh: Don't table Citizenship Bill, there is hue and cry in Northeast
- Elgar Parishad case: Bombay HC extends Anand Teltumbde's interim relief till February 22
- India’s largest Cancer Institute to come up in Haryana’s Jhajjar.
- 10 Indian News firms selected for Google News Initiative Funding.


INTERNATIONAL:

- UN observes First-Ever World Braille Day.
- Ranil Wickremesinghe sworn-in as Prime Minister of Sri Lanka.
- International Human Rights Day observed on December 10.
- Kim Jong-yang of South Korea elected as new President of Interpol.
- Researchers developed a web-based tool to monitor fake news on Facebook, Twitter.
- Trump says his meeting with North Korea's Kim will be held in Hanoi
- In stunning move, Thai king's sister running for PM in March polls
- Pakistan to send delegation next month to finalise draft agreement on Kartarpur Sahib Corridor
- Trump nominates US Treasury's David Malpass as next World Bank President


BUDGET HIGH LIGHTS

Union Finance Minister Piyush Goyal's budget proposed tax breaks for the middle class and sops for farmers and millions of employees in the unorganised sector.

- Taxable income up to Rs 5 lakh per year will be exempted from tax
- Standard deduction increased to Rs 50,000 from Rs 40,000 for salaried class
- Individuals with gross income up to 6.5 lakh rupees will not need to pay any tax if they make investments in provident funds and prescribed equities
- TDS threshold for home rent increased from Rs 1.8 lakh to 2.4 lakh
- Income Tax returns to be processed within 24 hours and refunds will be paid immediately
- Within nearly two years, almost all assessment and verification of IT returns will be done electronically by an anonymised tax system without any intervention by officials
- Farmers owning up to 5 hectares of land will get income support of Rs 6,000 per year and unorganised sector employees will get Rs 3,000 per month pension.
- Farmers affected by natural calamities to get 2% interest subvention and additional 3% interest subvention upon timely repayment
- Group of Ministers to suggest ways to reduce GST for house buyers









- Direct tax collections increased from Rs 6.38 lakh crore in 2013-14 to almost Rs 12 lakh crore
- The tax base is up from Rs 3.79 crore to 6.85 crore
- Businesses with less than Rs 5 crore annual turnover, comprising over 90% of GST payers, will be allowed to file quarterly returns
- India overtakes US to become 2nd largest smartphone market behind China.
- India ranked 77th (amongst 190 countries) in World Bank's Ease of Doing Business Index



SCIENCE & TECHNOLOGY:

- Scientists from the Indian Institute of Technology, Guwahati, have developed a paper kit to test the freshness of milk and determine how well the milk has been pasteurized.
- The Union Cabinet has approved a budget of Rs 10,000 crore for India's Gaganyaan project which aims to carry three human beings for a maximum period of seven days in space.
- China launched its first communications satellite for Space-based Broadband Services.
- The world's largest supercomputer Spiking Neural Network Architecture (SpiNNaker) machine designed to work in same way as human brain was switched on.



SPORTS:

- Belgium ends the year as No. 1 in FIFA global rankings. Belgium also wins Hockey World Cup 2018 Title.
- Joshna Chinappa wins National Squash Women's Singles Title.
- Gautam Gambhir announces retirement from cricket.
- 2018 US Open: Novak Djokovic wins men's singles title.
- India can dominate world cricket for a long time, says Shane Warne
- West Indies players Keemo Paul and Darren Bravo suffer injuries during 3rd Test vs England
- BCCI-CoA spat over India A batting coach, conflict of interest out in the open
- A post-mortem found Argentine soccer player Emiliano Sala died from injuries to his head and torso when his plane crashed in the English Channel.
- Prajnesh Gunneswaran, who had a brilliant 2018 season, reached the semi-finals of the ATP Chennai Challenger last week to ensure his entry into men's singles top-100.
- Ankita lost the first singles rubber but regrouped to secure a 6-7 (3) 6-2 6-4 win over Peangtarn Plipuech in the second.
- Mick Schumacher defeated Sebastian Vettel in individual race in the group stage of the Race Of Champions.



TECHNOLOGY


- Made in India laptops for the world: Kerala-based Coconics will offer affordable laptops
- A report, based on a Facebook post made by a woman, indicated that a man left his 4 months pregnant wife and family in order to play PUBG. Apparently, the man got addicted to PUBG after his sibling introduced it to him.
- You will soon be able to use Google Maps in real-time AR mode



Name:_____ Date:_____

Past Tense Irregular Verbs Crossword Puzzle

Directions: Complete the crossword puzzle by writing the past tense irregular verb for each word.



Across


1. come
3. sit
7. ride
8. pay
11. go
12. shrink
15. fly
16. forgot
17. rewrite
19. give
20. bring
21. teach
25. know
26. run
27. eat

Down

2. meet
3. say
4. tear
5. keep
6. spend
9. freeze
10. hang
11. write
12. see
13. blow
14. buy
18. think

©Annie Moffatt @ The Moffatt Girls 2015

તત્ત્વ ઉકેલ



બધા અક્ષર 'પ' થી શરૂ થશે.

આડી ચાવીઓ :

૧) સ્વસ્વરૂપની ..... કરું નહીં. (૩)

૨) ..... એ એક એવી ઉત્તમ નિયમ પાળવાની પ્રતિજ્ઞા છે. (૪)

૪) પદાર્થમાં અંતરંગમાં જે પરિણામ થાય છે એ એની ..... છે. (૩)

૫) આત્માનો અનુભવ થાય એ પહેલાં સત્ય ..... મળે છે. (૩)

૬) આત્મા, બર્હિ આત્મા, અંતરાત્મા અને ..... (૪)

૭) વૈરાગ્ય ઉપશમનું બળ વધે એ પ્રકારનો સત્સંગ, સત્‌શાસ્ત્રનો ..... કરવો. (૪)

૯) જીવ અનંત છે ..... પણ અનંત છે. (૪)

ઊભી ચાવીઓ :

૧) પરમ કૃપાળુ દેવ સોભાગ ભાઈને કહે છે કે ''આપની સર્વોત્તમ ..... ને નમસ્કાર. (૨)

૨) આત્મા સૌથી અત્યંત ..... છે. (૩)

૩) જ્ઞાનીની આજ્ઞાથી જીવ ..... કરે તો તે મોક્ષના માર્ગમાં છે. (૫)

૫) ..... છે તેનું પ્રબળપણું હોતું નથી. (૫)

૬) અમુક કર્મો એવા છે કે જે જ્ઞાન વિચારે ..... કરવાથી નાશ થાય છે. (૪)

૭) પ્રત્યેક ..... સહન કરું. (૪)

૮) મહત્ પુરુષોના આચરણ ન જોવા, અંતઃકરણ જોવું એ વધારે ..... છે. (૩)

FORTHCOMING EVENTS

16 – 17 February 2019	RIYF Shibir	Research Centre, Parli
24 February 2019	Param Gyan Sabha	Vasant Smruti, Dadar- West, Mumbai
10 March 2019	Param Gyan Sabha	Vasant Smruti, Dadar- West, Mumbai
21 -23 March 2019	Prem Sevak Sadhana Shibir	Research Centre, Parli
30 March 2019	Param Gyan Sabha	Vasant Smruti, Dadar- West, Mumbai

Shree Premacharyaji's Satsang
DAILY relay on **ARIHANT CHANNEL**
at 9 am/11.20 pm
Shree Premacharayaji's Satsang
is available live on
www.vitraagvigyaan.org

PUBLISHED BY: Printed and Published by Himanshu Gandhi on behalf of Spiritual Impressions Private Limited and Printed at M/s. Hemprints at Chowgule House, Amrut Nagar, Off. M.V. Road, Chakala Naka, Andheri (East), Mumbai 400093 and Published from 703, Sharda Chambers, 15, New Marine Lines, Mumbai 400020.

EDITOR : Dr. Meena Goshar.

DESIGN : Hari Creation - 9561437108

CORRESPONDENCE ADDRESS

ANANYA PARIVARTAN

C/o Shrimad Rajchandra Aatma Tatva Research Centre

703, Sharda Chambers, 15, New Marine Lines, Mumbai 400020 Tel: +91 22 22005727 Email: info@simpl.in

From Us... to You

ANANYA PARIVARTAN contains ample material for spiritual deep thinking such as discourses by an Enlightened Master, real life changing experiences of aspirants, motivational stories, health and fitness articles, funny anecdotes, puzzles and much more in 3 languages, Gujarati, Hindi and English.

Embark on a great adventure by subscribing for 1 year (Rs.400/-).

Gift a Subscription to your near and dear ones, relatives, friends, colleagues... & earn punya.

For Inquiries, contact – info@simpl.in or 22060477 or visit www.vitraagvigyaan.org

FOR ANY QUERY CONTACT

Ahmedabad	Priti Shah	09898701070	pritishah927@gmail.com
Anand	Amitbhai Shah	09824081071	pinami@yahoo.com
Bengaluru	Kiranben Sanghrajka	09448906066	kirankjs@yahoo.com
Chennai	Paresh Sanghvi	09840202363	pareshsanghvi@rediffmail.com
Delhi	Shakunji Jindal	09971947111	shakun.jql@gmail.com
Dhule	Dhirajlal P. Shah	09423324822	dpshah37@hotmail.com
Dubai	Satishbhai Pai	07045378287	satishspy@gmail.com
Gadag	Virendrabhai Lodaya	09448165256	pushpacotton@gmail.com
Hubli	Anilji Ostwal	09448453747	anilostwal@yahoo.co.in
Hyderabad	Paras Vora	09505278201	parasvora9@hotmail.com
Jabalpur	Kirtibhai Savla	09300103641	kirti_savla@yahoo.com
Jamshedpur	Meena Bhayani	09430315223	bhayanimeena10@gmail.com
Kolkata	Manojbhai Desai	09831270630	manojdesai02111962@gmail.com
Mumbai	SIMPL Office	022 22060477	info@simpl.in
Pune	Rupesh Gopani	07875786100	rgopani@gmail.com
Rajkot	Yogenbhai Doshi	09824429750	yogen72@gmail.com
Rajnandgaon	Sagar Jain	09827977880	sagar.sagarjain@gmail.com
Raipur	Vikas Kocheta	08871912349	kocheta.vk@gmail.com
USA	Hetalbhai Shah	+1 (647)283-4292	hetalshah71@yahoo.com
USA	Reenaben Shah	+1(818) 859-8183	reena_shah1@hotmail.com
Vadodara	Priyaben Vashi	09376238819	priyavashi24@yahoo.co.in

SPONSORSHIP – GYAN DAAN
For ANANYA PARIVARTAN

ANANYA PARIVARTAN is our organization's spiritual magazine aimed to spread the principles of Vitraag Vigyaan. Commercial advertisements are not accepted to respect spiritual sanctity. However, we offer several Gyan Daan opportunities to one and all. Sponsor an issue or a page on birthdays, anniversaries and other occasions and earn Punya. Gyan Daan is considered to be one of the best forms of Donation and it helps to shed off layers of ignorance from the Soul – Aatma.

Annual	: Rs.	**3,00,000/- (For all 6 issues)**
One Issue	: Rs.	**50,000/-**
Back Cover	: Rs.	**9,000/-**
Inside Front Cover	: Rs.	**7,500/-**
Inside Back Cover	: Rs.	**6,000/-**
Centre Spread	: Rs.	**11,000/-**

FOR SPONSORSHIP, PLEASE CONTACT:

Dr. Meena Goshar : 09819317038, mgoshar@yahoo.com

Sanjiv Rawell : 09820186548, sanjurawell@gmail.com

Pratibha Chheda : 09324715450, pratibhachheda06@gmail.com

Dina Shah : 09833822320, dinashah09@gmail.com

Shrimad Rajchandra Aatma Tatva Research Centre
703, Sharda Chambers, 15, New Marine Lines, Mumbai 400020. Tel: +91 22 22060477 **Email :** info@simpl.in

Subscription Year : April to March

SUBSCRIPTION RATES

◆ **One Year : Rs. 400/-**

જ્ઞાનદાન સૌજન્ય

આરવ દીપેન ગાંધી, જમશેદપુર

હેતલ ભાવીન ગાંધી, જમશેદપુર


રંજનબેન ધીરૂભાઈ દોશી, મુંબઈ

દીવ્યાબેન ગ્રુપ - શ્રી આત્મસિધ્ધી રચના દિવસ નિમિત્તે, મુંબઈ


મીના વિદ્યુત શેઠ, મુંબઈ

નિમિષ રણધીર ઝવેરી, મુંબઈ

કોલકાતામાં સમાગમ મહોત્સવ







SHREE RAJ EDUCATIONAL CENTRE'S SCHOOL - ANNUAL DAY

